અહમ્ શૂન્યતા એટલે પ્રેમ




realpatidar.com
અહમ્ શૂન્યતા એટલે પ્રેમ
realpatidar.com

realpatidar.com


ૐ શ્રી નિષ્કલંકી નારાયણ
મહાપ્રભુજી

અહમ્ શૂન્યતા એટલે પ્રેમ

અહમ્ શૂન્યતા એટલે પ્રેમ

AHAM SUNYATA EATLE PREM

પ્રકાશક :

મુખી શીવદાસભાઈ કાનજીભાઈ પટેલ
મુ. દહેગામ, જિ. ગાંધીનગર, (ગુજરાત)
મો. ૦૯૪૨૭૦૫૨૪૧૩
મો. ૦૯૭૨૫૦૭૭૨૬૬

સાથ સહકાર :

કરશનભાઈ મેઘજીભાઈ ઘોઘારી
પુના (મહારાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ :
૨૦૦૮

કિંમત : રૂા. ૮.૦૦

Designed By
ATUL S. RANA

પ્રસ્તાવના

ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રેમરસ અતિ મીઠડા, એને દેખે જો કોઈ ચાખરે,
શાહ જો પાવે શીર લગી, ત્યારે હૈડાં દેવે સાખ રે.

મારા પ્રિય આત્મન્,

'પ્રેમ શું છે ?' પ્રેમમાં જીવવું અને પ્રેમને જાણવો એ તો સહેલું છે, પરંતુ કહેવું ઘણું અઘરું છે. માછલીને કોઈ પૂછે કે 'સાગર શું છે ?' તો એ માછલી કહેશે, 'આ રહ્યો સાગર. ચારે બાજું એ જ છે.' પરંતુ કોઈ કહે કે, 'બતાવ નહિ; સમજાવ.' તો માછલી માટે મુશ્કેલી થશે. મનુષ્યના જીવનમાં જે કંઈ શ્રેષ્ઠ છે, સુંદર છે, સત્ય છે, તે જીવી શકાય છે, જાણી શકાય છે, થઈ શકાય છે, પણ કહેવું મુશ્કેલ છે. અને દુર્ભાગ્ય તો એ છે કે જેમાં જીવવું જોઈએ, જે થઈ જવું જોઈએ, તેના વિષે માનવજાતિ ચાર-પાંચ હજાર વર્ષોથી માત્ર વાતો જ કરે છે. પ્રેમની વાતો થાય છે, પ્રેમનાં ગીતો ગવાય છે, પ્રેમનાં ભજન ગવાય છે, છતાં મનુષ્યના જીવનમાં પ્રેમનું કોઈ સ્થાન નથી. મનુષ્યની અંદર જો શોધીએ તો પ્રેમથી વધારે જૂઠો બીજો કોઈ શબ્દ નહિ મળે. અને જે લોકો એ પ્રેમને જૂઠો સિધ્ધ કર્યો છે, જેમણે પ્રેમના સ્રોતને રુંધી રાખ્યો છે એ લોકો પોતાની જાતને પ્રેમના જનક માને છે. આ છે દુર્ભાગ્ય. ધર્મ પ્રેમની વાતો કરે છે. પરંતુ આજ સુધી જે પ્રકારનો ધર્મ મનુષ્ય જાતિ ઉપર દુર્ભાગ્યની માફક છવાઈ રહ્યો છે, એ ધર્મે મનુષ્યના જીવનમાં પ્રેમનું પ્રત્યેક દ્વાર બંધ કરી દીધું છે , અને આ બાબતમાં પૂર્વ અને પશ્ચિમમાં કે ભારતમાં અને અમેરિકામાં કંઈ ફરક નથી. મનુષ્યના જીવનમાં પ્રેમની ધારા જ પ્રગટી નથી. અને આપણે દોષ દઈએ છીએ મનુષ્યને કે મનુષ્ય જ ભૂંડો છે એથી પ્રેમની ધારા પ્રગટ થઈ નથી.

મન વિષ નથી. મનને વિષમય માનનાર લોકોએ જ પ્રેમને વિષમય કર્યો છે, પ્રેમને પ્રગટ થવા દીધો નથી. મન વિષમય કેવી રીતે હોઈ શકે ? આ વિશ્વમાં કશું વિષ નથી. પરમાત્માના સકલ ઉપક્રમમાં કંઈ વિષ નથી, બધું જ અમૃત છે. પણ માનવીએ અમૃતને વિષમય કર્યું છે.

ૐ

વેદ દર્શન

ॐ

। શ્રી યુગાત્મને નમઃ ।

नमोऽस्तवनन्ताय सहस्त्रमूर्तये सहस्त्रपादाक्षिशीरोरुबाहवे ।
सहस्त्रनाम्ने पुरषाय शाश्वते सहस्त्रकोटी युगधारिणे नमः ।

હે ધર્મપ્રેમી સજ્જનો જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે સંસારની નિવૃત્તિ થાય છે. પ્રકૃતિની સર્વ રચનાઓનો નાશ થાય છે. ત્યારે સૃષ્ટિ પરના ઉત્તમ વિચારશીલ, સત્વગુણી, બુદ્ધિવાળા મનુષ્યો, નિષ્કામ ભક્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપને પામે છે. અને રજોગુણી પ્રકૃત્તિવાળા મનુષ્યો, બ્રહ્માજીની એક રાત્રીની સમયાવધી સુધી વાસના શરીરમાં રહે છે. જ્યારે તમોગુણી પ્રકૃત્તિ ધરાવતાં મનુષ્યો નર્કની સજા ભોગવે છે. જ્યારે બ્રહ્માજીનાં દિવસનો ઉદય થાય છે. ત્યારે સૃષ્ટીની ફરીથી રચના કરવામાં આવે છે. ત્યારે દરેક જીવોને, તેમનાં કર્મો પ્રમાણેની યોનિ ચારે ખાણમાં પ્રાપ્ત થાય છે.

સર્વ જીવયોનિમાં મનુષ્યયોનિ સર્વોત્તમ અને દુર્લભ છે. જીવાત્માને મોક્ષગામી બનાવવા માટે, મોક્ષના અધિકારી બનાવવા માટે, સદ્‌ગુરૂ બ્રહ્માજીએ મનુષ્યયોનિનું નિર્માણ કર્યું છે. આ મહાન કાર્યની સાધનાને માટે સદ્‌ગુરૂ બ્રહ્માજીએ વેદ ધર્મનો ઉપદેશ મનુષ્ય માટે સુલભ બનાવ્યો છે. વેદનો મૂળ ઉપદેશ પુરૂષાર્થનો છે, વેદોક્ત પુરૂષાર્થ ચાર છે : ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

(૧) ધર્મમય જીવન જીવવું.
(૨) ધર્મજ્ઞાઓને અનુસરીને અર્થોપાર્જન કરવું.
(૩) ધર્મજ્ઞાઓ અને તેના ઉદ્દેશ અનુસાર કામ એટલે કે ઈચ્છાઓની નિવૃત્તિ કરવી.
(૪) ધર્મને માર્ગે જીવન જીવવા માટેના અધિકારી બનવું.

આમ વેદોક્ત ચારે પુરૂષાર્થને ધ્યાનમાં રાખીને, ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે પ્રબોધેલા સ્વધર્મ અનુસાર કર્મો કરવા રૂપ જે અખંડ યજ્ઞ કરે છે, તેને તે કર્મ બંધનરૂપ થતું નથી, આવા જીવાત્માઓ દેહોત્સર્ગના સમયે સાહજિક રીતે મોક્ષને પામે છે. આ પ્રમાણે વેદોક્ત ધર્મનો મર્મ સમજીને, જે કોઈ તેનું આચરણ કરશે તો તેના મનોરથો સહજમાં પૂર્ણ થશે. વેદોક્ત ધર્મમાં દેવગણની પૂજા અગ્રિમ કર્મકાંડ છે. પૂજા-યજ્ઞથી દેવો પ્રસન્ન થાય છે. તેથી ચતુર્થ વેદ એવા અથર્વવેદમાં પ્રબોધેલી પૂજા-વિધિ, જે વાસ્તવમાં મહાયજ્ઞ છે, અને વારિયજ્ઞને નામે ઓળખાય છે, તે પૂજા વિધિ અનુસાર યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે. અને તેમની કૃપાની વર્ષા ભક્તો

પર કરે છે પરિણામે વરસાદ વરસે છે અને જગતમાં ધન-ધાન્ય વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં અરસ-પરસ પ્રેમભાવ અને ભક્તિ તથા ત્યાગ ભાવના વધે છે. મનુષ્યોની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. હે પ્રેમી સજ્જનો, આ સતપંથ ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે.

अन्य कृतयुगे धर्मास्त्रेतायां द्वापरे युगे ।
अन्ये कलियुगेनणां युगरुपानुंसारत : ॥

पा.स्मृ. अ १ म २२

ભાવાર્થ -સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં ધર્મ નોખા નોખા હતા અને કળિયુગમાં પણ પુરુષોના ધર્મ અન્ય જ છે. યુગના સ્વરૂપાનુસાર પુરૂષોના ધર્મ થાય છે.

પ્રથમ સતયુગમાં શ્રીબાઈ પ્રજાપતિ મહાન નિજારી સંત હતાં તેઓશ્રી આ સતપંથ મહાધર્મનું પાલન કરતાં હતાં. સળગતા નીભાડામાં ફસાયેલાં બિલાડીના બચ્ચાંને બચાવવાને માટે, તેઓશ્રીએ, પોતાના ધર્મને અનુરૂપ દેવોને પ્રાર્થના કરી, સ્વયં નારાયણે પ્રસન્ન થઈ નીભાડામાંથી બચ્ચાંને ઉગાર્યા અને મહાધર્મ પાલનની શક્તિ તેમ જ તે દ્વારા થતી ઈશ્વર-કૃપાનું પ્રહલાદજીને સાક્ષાત દર્શન કરાવ્યું. આમ હિરણ્યાકશિપુ-સુત પ્રહલાદજીને મહાધર્મી બનાવ્યા. ભક્ત પ્રહલાદજીએ મહાધર્મનું પાલન કરતાં કરતાં પોતાના પિતા તરફથી અનેક દુઃખો સહન કર્યા પણ મહાધર્મ ન છોડ્યો અંતે તેમને ધગધગતા લોહ સ્તંભ સાથે ભેટવાની સજા થઈ. તેઓ ભેટ્યા અને ભેટતાંની સાથે જ સ્તંભ ફાટ્યો. તેમાંથી સ્વયં નારાયણ દેવ નરસિંહરૂપે પ્રગટ થયા. હિરણ્યાકશિપુનો સંહાર કર્યો અને પોતાના મહાન ભક્ત પ્રહલાદજી દ્વારા પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. જગતમાં ધર્મની ધજા ફરકતી રાખી.

સતયુગમાં શ્રીજીના ચાર સ્વરૂપ થયાં (૧) શ્રી મત્સ્ય (૨) શ્રી કૂર્મ (૩) શ્રી વરાહ (૪) શ્રી નૃસિંહ. ચાર ભક્તો (૧) રૂષમાગત (૨) અમરિષ (૩) ધ્રુવ (૪) પ્રહલાદનો ઉદ્ધાર કરી પાંચ કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો.

नारसिंह वपु कृत्वा, यस्त्रेलोक्य भयंकरम् ।
हिरण्याकशिपु जघ्ने सिंहात्मने नमः ॥ (४)

પંચરત્ન ગીતા

ભાવાર્થ- જે પરમાત્માએ ત્રણે લોકને ભય આપનારું એવું નરસિંહરૂપ ધારણ કરીને હિરણ્યાકશિપુનો નાશ કર્યો હતો તે નૃસિંહાવતારને હું નમસ્કાર કરું છું.

આ ભક્તોએ ઋગ્વેદનો મહાવાયક સ્વીકારી, જપ, તપ, સ્મરણ, ઉપાસના દ્વારા અલખની આરાધના કરી, શ્રી અવિનાશી પરમાત્માના અખંડ આનંદની પ્રાપ્તિ

કરી. બીજા ત્રેતાયુગમાં શ્રીજીએ ત્રણ સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી વામન (૨) શ્રી પરશુરામ, અને (૩) શ્રી રામ. આ ત્રણ યુગમાં શ્રીજીએ વિવિધ રૂપ ધારણ કરી ત્રણે ભક્તોનો ઉદ્ધાર કર્યો. (૧) ભક્ત કમળાપતિ (૨) ભક્ત કમળધ્વજ અને (૩) ભક્ત હરિશ્ચન્દ્ર વગેરે ભક્તોનો ઉદ્ધાર કરી સાત કરોડી જીવોનો ઉદ્ધાર કર્યો. ત્રેતાયુગના અંતિમ ચરણમાં શ્રી રામજીએ મહાદાનવ એવા રાવણનો સંહાર કર્યો. યજુર્વેદી મંત્રોનું પ્રવર્તન કર્યું. દેવોને મુક્ત કર્યા અને પૃથ્વી પરથી પાપનો ભાર ઉતાર્યો.

ત્રીજા દ્વાપર યુગમાં શ્રીજીએ બે સ્વરૂપ ધારણ કર્યા. (૧) શ્રી કૃષ્ણ (૨) શ્રી બુદ્ધ. જેણે કૃષ્ણ સ્વરૂપે ભક્ત વિદુરજી અને ભક્ત યુધિષ્ઠિર રાજાનો ઉદ્ધાર કર્યો, અને નવ કરોડી જીવોને માયાના બંધનમાંથી મુક્તિ અપાવી હતી. શ્રી કૃષ્ણ પરમાત્માની અનેક પ્રકારની સાકાર ભક્તિથી અનેક ભક્તોનો ઉદ્ધાર થયો છે.

અંતે આ અંતિમ યુગ એવા કળિયુગમાં, અતિશય પાપ વધવાથી ને ધર્મની હાનિ થવાથી, પાપનો નાશ કરવાને માટે તેમજ ધર્મની સ્થાપના કરવાને માટે તથા સતયુગનું નિર્માણ કરવાને માટે પરમાત્મા સાકાર સ્વરૂપ એવા શ્રી નિષ્કલંકી સ્વરૂપે પૃથ્વી પર આગમન કરશે. શ્વેત અશ્વ ઉપર આરૂઢ એવા શ્રી નિષ્કલંકી નારાયણના હાથમાં સાડાત્રણ હાથ લાંબુ એવું તલવારનું શસ્તંર હશે - એવો શાસ્ત્રોનો મત છે.

हनिष्यंति कलेरंते म्लच्छोतुरगवाहन :।
धर्मसंस्थापनार्थाय तस्मै कलक्यांत्मने नमः ॥

પંચરત્ન ગીતા - ૧૦

ભાવાર્થ -ધર્મની થયેલી હાનિ પછી, તેના પુનઃ સ્થાપનને માટે કળિયુગને અંતે, અશ્વારૂઢ થઈને, જે અધર્મીઓના નાશ કરશે તે કલ્કિ અવતારને હું નમસ્કાર કરું છું.

તેથી હે ધર્મ પ્રેમી સજ્જનો, ! ભક્તોને માટે શ્રીજીએ યુગે યુગે અવતારો ધારણ કરી, પોતાની અમર લીલા બતાવી છે અને પ્રત્યેક યુગમાં અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરી છે. માટે જીવનાન્તે પણ ધર્મનો ત્યાગ કરવો નહિ.

न श्रातु कामात् भयान् लोभात्,
धर्मत्यजते जीवीत श्यापि हेतोः ।
धर्म नित्यः सुखे-दुःखे त्वनितय
जिवो नित्य हेतुरस्य त्वनित्यः ॥

ભાવાર્થ -કોઈપણ સંજોગોમાં, કામનાથી, ભયથી, લોભથી કે જીવ બચાવવાના હેતુથી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ. કારણ કે ધર્મ નિત્ય-સનાતન છે, સુખ-દુઃખ અનિત્ય છે, થોડા વખતનાં છે. વળી આત્મા અમર છે. અને આ સંસારનું કારણ માયારૂપ અનિત્ય છે.

જેમ રામાયણમાં કાક ભૂસંડી ઋષિએ ગરૂડજીને કળિયુગનો મહિમા બતાવ્યો છે, જેમ મહાભારતમાં મહર્ષિ વ્યાસજીએ કળિયુગની કથા વર્ણવી છે, તેજ રીતે આજ વર્તમાન યુગમાં ભગવાન રામદેવજી, સંત તુલસીદાસજી અને આપણા ઈષ્ટદેવ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પણ પોતાના કથેલાં શાસ્ત્રોમાં કળિયુગની કથાનું અને તેના ભાવિનું સચોટ વર્ણન કર્યું છે. આપણે વર્તમાન સમયમાં, સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજની ભાંખેલી ભવિષ્યવાણીને પ્રત્યક્ષ નિહાળીએ છીએ.

વર્તમાન સમયમાં કળીની સત્તા સર્વત્ર વ્યાપેલી છે. આયુષ્ય અલ્પ છે, મનુષ્યને લાખો બંધન છે. મનુષ્ય ચારે દિશાએથી જકડાયેલો-મૂંઝાયેલો છે. તેને આત્મ શાંતિનો માર્ગ સૂઝતો નથી, આમાંથી છૂટવાનો એક ઉપાય છે-યજ્ઞ કરવા અને તે દ્વારા દેવોને પ્રસન્ન કરવા, તેમની કૃપા મેળવી, ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરવી.

યજ્ઞ કરવાથી દેવો પ્રસન્ન થાય છે, સામૂહિક અને વૈયક્તિક પાપનો નાશ થાય છે, કર્મ બંધન છૂટે છે, ચિત્તની શુદ્ધિ થાય છે, અને અંતે જીવ આત્મ ભાવને પામે છે પોતાના સત્સ્વરૂપનાં દર્શન થાય છે. પરિણામ સ્વરૂપ માયાનાં બંધન છૂટે છે અને જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને પામી શિવમાં વિલિન થઈ જાય છે.માયાતીત, ગુણાતીત, કેવળ બ્રહ્મને ઓળખવાનો જે પુરુષાર્થ કરે તે મન, વચન, કર્મથી કોઈનું પણ અનિષ્ટ કરતો નથી. જેમ નદી સમુદ્રમાં મળ્યા પછી તેના નામનો લોપ થાય છે. તેમ જીવ, પોતાના સર્વ કર્મોની નિવૃત્તિ પછી, આત્મ-સ્વરૂપને પામી શિવમાં મળી જાય છે. શિવઅભાવનાને પામે છે. તેમ હે સજ્જનો ! ઈશ-તત્ત્વ ઓળખાવનાર મહાપુરુષને ઓળખાવવા માટે સંતો બ્રહ્મ-સ્વરૂપે અવતરે છે. આથી જ સંત કવિ પ્રિતમદાસે કહ્યું છે કે,....

સંત બ્રહ્મકો રૂપ હૈ, વામે નહીં સંદેહ,
કહે પ્રીતમ ઉપદેશકો, ધરે મનુષ્યકો દેહ.

યજુર્વેદમાં અવતારનું પ્રમાણ બતાવ્યું છે કે.....

प्रजापतिश्चरति गर्भे अन्तर जायमानो बहुधाविजयते ।
तस्य योनिम्परि पश्यन्ति धरिस्तस्मिन् हतस्थुर्भुवनानिविश्वा ॥

यजुर्वेद अं-३१ मं-१९

ભાવાર્થ -(પ્રજાપતિ) પરમેશ્વર તે ગર્ભ મધ્યમાં પ્રાપ્ત થાય છે. અજન્મા પરમાત્મા નહિ જન્મ ધારણ કર્તા થકા (બહુધા) દેવતા, મનુષ્ય રામ, કૃષ્ણ, કલ્કિ આદી રૂપથી ઉત્પન્ન થાય છે. જ્ઞાની મહાત્મા સત્ત્વગુણ પ્રધાન પુરુષ તે પરમાત્માના જન્મ કારણને જ્ઞાન ભાવથી જુએ છે. (અજ્ઞાની) જનને તે પરમાત્માના જન્મ વિદીત્ થતા નથી.) જે પરમાત્મામાં જ સર્વ (અનંત) બ્રહ્માંડ વ્યાપ્ત (સ્થિત) છે.

યુગપુરુષ સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ તેમજ કબીરસાહેબ, ગુરૂનાનક, રામદેવજી, વગેરે અનેકાનેક મહાન સંતમહાપુરુષોએ વેદ-વેદાંતનો ઉપદેશ કરી, અજ્ઞાની અને માર્ગ ભૂલેલાને ધર્મને માર્ગે પ્રેર્યા છે. આવા અધર્મનો માર્ગ છોડાવી, ધર્મને માર્ગે લઈ જનાર સંત પુરુષ સદ્‌ગુરૂ કહેવાય છે.

सद्गुरु-गुरु बहु अंतरो, जो दिवस अरुजात ।
गुरु बतावे वैकुंठ तो, सद्गुरु दे निजधाम् ॥

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે પ્રબોધેલું જ્ઞાન તેમજ અન્ય ગેય શાસ્ત્રો તથા ચાર વેદ એ સ્વયં શ્રી બ્રહ્મદેવની મુખારવિંદની વાણી છે કે જે વાણીને પ્રાચીન-પાવન ભારતની રમણીય અમર ભૂમિમાં થઈ ગયેલા મહાન ઋષિઓએ, તેમની સમાધિ અવસ્થામાં ઝીલી છે, અને આ સૃષ્ટીના કલ્યાણને માટે અવનિ પર પ્રસિદ્ધ કરી છે. વેદ સ્વયં પરમાત્માની વાણી છે. તેથી અપૌરૂષેય છે. આ અપૌરૂષેય વાણીનો આધાર છે. તેમાં લેશ-માત્ર પણ શંકાને સ્થાન નથી.

આથી જ શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાના શ્રીમુખની અમરવાણી ગીતા દ્વારા જગતને ખાત્રી આપી છે કે.....

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यम् ॥

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપનાને માટે હું યુગે યુગે પ્રગટું છું.

તો આજે આ ઘોર કળિયુગને અંતે શ્રીજી, આપણા ધ્યેય પુરુષ એવા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું રૂપ લઈને અવશ્ય તેમના ભક્તોની વહારે આવશે. જેમ દરેક ધર્મ-સંપ્રદાયના અનુયાયીઓએ તેમના ધર્મના આદેશો અને નિતિ-નિયમોના પાલનમાં યથાશક્તિ બતાવેલું છે તે જ રીતે સજ્જનો, સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજના (શાસ્ત્રમાં પ્રબોધેલાં) આદેશો અને વચનોમાં પૂરા હશે તેને તેઓશ્રી કાળના પંજામાંથી છોડાવી, જન્મ મરણથી મુક્તી અપાવશે.

હે પવિત્ર વિચારશીલ સજ્જનો, આ ગ્રંથમાં દર્શાવેલા અધિકારી બનવામાટે, ધર્મના આદેશો અને નિતિ-નિયમોનું પાલન કરવું પડશે કારણ કે ધર્મ જ મનુષ્ય-જીવનને આધાર, રક્ષણ અને સાર્થકતા આપે છે.

સંપૂર્ણ

અનુક્રમણિકા

પ્રેમ શું છે ?

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રેમ વાડીએ ન નિપજે, અને પ્રેમ હાટે ન વેચાય રે,
પ્રેમ તો હૈડેથી ઉપજે, એ તો હૈડા કોરી કોરી ખાય રે.

આ વાતને થોડી સમજી લેવી જરૂરી છે. કારણ કે જો આ વાત નહિ સમજાય તો મનુષ્યજીવનમાં ક્યારેય – ભવિષ્યમાં પ્રેમ પ્રગટશે નહિ. કારણ કે જે કારણોસર પ્રેમ પ્રગટ થઈ શક્યો નથી, તે જ કારણોને આપણે પ્રેમના પ્રાગટ્યનું કારણ-આધાર બનાવી રહ્યા છીએ. જો જૂઠા સિદ્ધાંતનું પણ હજારો વર્ષ સુધી પુનરુચ્ચારણ કરવામાં આવે તો એ સિદ્ધાંત ખોટો છે, એવું આપણને નહિ લાગે. ઊલટાનું એમ લાગશે કે એ સિદ્ધાંતનું પાલન ન કરી શકનાર મનુષ્ય ખોટો છે.

એક વાત સાંભળી છે : એક સમ્રાટના મહેલ પાસેથી એક પંખો વેચનારો રોજ પસાર થતો અને બૂમો પાડતો, મેં અનોખા અને અદ્‌ભુત પંખા બનાવ્યા છે. આવા પંખા કોઈએ બનાવ્યા નથી કે કોઈએ ક્યાંય જોયા નહિ હોય !

અનોખા પંખાની વાતથી આશ્ચર્ય પામી સમ્રાટે બારી બહાર જોયું. સમ્રાટની પાસે દુનિયાના ખૂણે ખૂણામાંથી મળતા પંખાઓ હતા. ગલીમાં એક માણસ ઊભો છે. એની પાસે બે ફદિયાની કિંમતના પંખા છે અને રાડો પાડી પાડીને એ પંખાને અનોખા, અદ્વિતીય જાહેર કરી રહ્યો છે. સમ્રાટે તેને મહેલમાં બોલાવ્યો અને પૂછ્યું : 'એવી તે શી ખૂબી આ પંખામાં છે ? એનું મૂલ્ય શું છે ?'

પંખાવાળાએ કહ્યું : 'મહારાજ ! મૂલ્ય કંઈ ખાસ વધારે નથી. પંખાની ખૂબી જોતાં તે મુલ્ય બહું ઓછું ગણાય. ફક્ત સો રૂપિયા મૂલ્ય છે.

સમ્રાટ કહે : 'સો રૂપિયા ? આબે ફદિયાના પંખા તો હાટેહાટે મળે છે. તેના સો રૂપિયા ? એવું તે એમાં છે શું-?'

પંખાવાળાએ કહ્યું : 'એની ખૂબી છે. આ પંખો સો વર્ષ ચાલે છે. એની ગેરન્ટી આપું છું. પંખો સો વર્ષ સુધી બગડતો નથી.'

સમ્રાટ બોલ્યો : 'ભાઈ, પંઓ જોઈને તો એમ લાગે છે કે એ અઠવાડીયું ટકે તો ય ઘણું કહેવાય ! છેતરપિંડીનો ધંધો માંડ્યો છે ? આવી હળાહળ બેઈમાની ને તે પણ સમ્રાટની સાથે ?'

પેલાં માણસે કહ્યું : 'આપ મને સારી રીતે જાણો છો. આ ગલીમાં હું રોજ પંખા વેચું છું. એની કિંમત સો રૂપિયા છે. પંખો સો વ ર્ષ ન ચાલે તો મારી જવાબદારી. રોજ આ શેરીમાં આવું છું. પછી તો આપ સમ્રાટ છો. આપની સાથે બનાવટ કરીને હું જઈશ ક્યાં ?'

સમ્રાટે પંખો ખરીદી લીધો. તેને વિશ્વાસ તો ન હતો, પણ આશ્ચર્ય હતું કે

આ માણસ કયા જોર પર આવું હડહડતું જૂઠું બોલે છે ! સમ્રાટે એકસો રૂપિયામાં પંખો ખરીદી લીધો. સો રૂપિયા આપીને પંખાવાળાનેસાતમે દિવસે હાજર થવાનું કહેવામાં આવ્યું.

બેચાર દિવસમાં તો પંખાનો હાથો નીકળી ગયો. સાતમા દિવસે તો પંખો સાવ મુડદાલ થઈ ગયો. સમ્રાટને હતું કે, પંખાવાળો હાજર નહિ થાય, પરંતુ બરોબર સાતમાં દિવસે તો એ હાજર થઈ ગયો અને બોલ્યો : 'ફરમાવો, મહારાજ!'

સમ્રાટ બોલ્યા : 'શું ફરમાવે ! પંખો તો તૂટી ગયો. સાત દિવસમાં જ આ સ્થિતિ ! તું તો સો વર્ષની વાત કરતો હતો. પાગલ તો નથી ને ? કે પછી ધૂર્ત છો !'

પંખાવાળાએ કહ્યું : 'લાગે છે કે આપને પંખો વાપરતાં નથી આવડતું. પંખો તો સો વર્ષ ચાલે છે. એની તો ગેરન્ટી છે. આપ પંખો નાખો છો કેવી રીતે ?'

સમ્રાટ બોલ્યા : 'લો, સાંભળો વાત ! હવે તો મારે પંખો કેમ નાખવો એ પણ શીખવું પડશે, એમ ?'

એણે કહ્યું : 'કૃપા કરીને એટલું તો બતાવો કે આ પંખાની આ દશા સાત દિવસમાં આપે શી રીતે કરી નાખી ? કેવી રીતે પંખો નાખ્યો ?'

સમ્રાટે પંખો નાખી બતાવ્યો.

એ માણસ સમ્રાટની ભૂલ તરત જ કળી ગયો અને બોલ્યો : 'એમ પંખો ન નખાય.'

'ત્યારે કેવી રીતે નંખાય ?' સમ્રાટે પૂછ્યું.

માણસે ઉત્તર આપ્યો : 'પંખાને પકડીને સ્થિર રાખો અને માથું હલાવો. પંખો સો વર્ષ ચાલશે. આપ સમાપ્ત થઈ જશો પણ પંખો જીવશે. પંખો ખોટો નથી. પંખો નાખવાની આપની રીત ખોટી છે.'

આતો માણસ એ ૫-૬ હજાર કે ૧૦ હજાર વર્ષની સંસ્કૃતિનું ફળ છે. માનવ ખોટો છે, સંસ્કૃતિ ખોટી નથી. માનવ મરતો જાય છે, સંસ્કૃતિની સત્તા તો પ્રવર્તતી જ રહે છે. ધર્મ મહાન, સંસ્કૃતિ મહાન, બધું ય મહાન. એ જ સંસ્કૃતિમાં માનવ વસ્યો છે ને પરિણામ આવું આવ્યું છે.

પણ નહિ, માનવીખોટો છે. માનવીએ પોતાની જાતને બદલવી જોઈએ. દસ હજાર વર્ષથી જે સંસ્કૃતિ, જે ધર્મ માનવીને પ્રેમથી ભરી નથી શક્યા એ સંસ્કૃતિ, એ ધર્મ ખોટા છે એમ કહેવાની કોઈનામાં હિંમત નથી. દસ હજાર વર્ષમાં જે નથી થયું તે ભવિષ્યમાં થશે, માનવી પ્રેમથી ભરાઈ જશે એવી કોઈ સંભાવના ખરી ? જે ભૂતકાળમાં નથી થયું તે ભવિષ્યકાળમાં પણ નહિ થાય.

કારણ કે માનવી એનો એ જ છે, એનો એ જ રહેશે. જે ધર્મને સંસ્કૃતિનાં, જે સંત-મહાત્માનાં ગુણગાન આપણે ગાતા આવ્યા છીએ એ ધર્મને, સંસ્કૃતિને, સંત-મહાત્માને બદલાવવાઆપણે રાજી નથી. આપણા બુનિયાદી ચિંતનની દિશા જ

ખોટી છે એટલું વિચારવા પણ આપણે તૈયાર નથી.

માનવી ખોટો છે. અને તેનો પુરાવો છે માનવી પોતે જ. બીજો પુરાવો શો હોઈ શકે ? એક બીજ આપણે વાવીએ અનેતેનાં ફળ ઝેરીલાં અને કડવા થાય તો તેનાથી શું સિદ્ધ થાય ? તેનાથી એ સિદ્ધ થાય કે તે બીજ જ ઝેરીલું અને કડવું હશે.

જો કે બીજનાં ફળ કડવાં અને ઝેરીલાં થશે તે બીજ પરથી જાણવું મુશ્કેલ છે. બીજમાં કઈ શોધી શકાતું નથી. બીજને ભાંગો, તપાસો, કંઈ ખ્યાલમાં નહિ આવે કે આમાંથી જે ફળ ઉત્પન્ન થશે, તે કડવાં હશે. બીજને વાવો, વૃક્ષ મોટું થશે, આકાશમાં વિસ્તરશે, તેને ફળ આવતાં સો વર્ષ લાગી જશે ત્યારે ખબર પડશે કે ફળ કડવાં છે.

એ ખોટું છે, અને એનું પ્રમાણ છે આજનો માનવી. બીજું પ્રમાણ હોઈ પણ શું શકે ? બીજ વાવીને ફળ કડવાં મળે તો એથી શું સિધ્ધ થાય છે ? બીજ ઝેરી છે, કડવું છે એ જ. બીજમાં એના કડવાપણાની શોધ અશક્ય છે. બીજ વાવ્યા પછી, એનો વૃક્ષમાં વિસ્તાર થયા પછી, એનાં ફળ પરથી એ જાણી, કહી શકાય છે. દસ હજાર વર્ષથી ધર્મ ને સંસ્કૃતિનું જે બીજ વવાયું છે તેનું ફળ આ માનવી છે અને એ ફળ કડવું છે, ધૃણાથી ભરેલું છે.

પરંતુ તે છતાં આપણે એનાં ગુણગાન ગાઈએ છીએ અને વિષમાંથી પ્રેમ ઉત્પન્ન થશે એવું વિચારીએ છીએ. હું આપને એ કહેવા માંગું છું કે એમાંથી પ્રેમ ઉત્પન્ન નહિ થઈ શકે.

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રેમ પિયાસી મન વસે, જો મન માંહી કીજે નેહ રે,
દુનિયા દુરિજન દાખવે, તે જબ બલ હોવે ખેહ રે.

મનુષ્ય કરતાં પણ વિશેષ પ્રેમ પશુપંખીમાં અને વનસ્પતિમાં જોવા મળે છે. અને એમની પાસે નથી કોઈ સંસ્કૃતિ, નથી કોઈ ધર્મ ! સુસંસ્કૃત અને સભ્ય મનુષ્યને બદલે અસભ્ય અને જંગલી મનુષ્યમાં અધિક પ્રેમ જોવા મળે છે. ને એમની પાસે કોઈ ધર્મ નથી, કોઈ સભ્યતા નથી, કોઈ સંસ્કૃતિ નથી.

માનવી જેમ જેમ ધર્મોના પ્રભાવવાળા મંદિરોમાં, ચર્ચમાં પ્રાર્થના કરતો રહે છે તેમ તેમ પ્રેમથી શૂન્ય કેમ થતો જાય છે ? જરુર કંઈ કારણ છે. જો તે ખ્યાલમાં આવી જાય તો પ્રેમના રૂંધાયેલા સ્ત્રોતો પ્રગટી આવે, પ્રેમની ગંગા વહી આવે.

પ્રેમ તો માનવીની અંદર છે. એ ક્યાયથી લઈ આવવાની વસ્તુ નથી. પ્રેમ તો પ્રાણોની સુગંધ છે. - તે પ્રત્યેકની અંદર છે પરંતુ એની ચારે તરફ આવરણ છે - એ બધાં પથ્થરનાં આવરણો છે. એ પ્રેમની નિર્ઝરણીને ફૂટવા દેતાં નથી.

તો પ્રેમની શોધ, પ્રેમની સાધના એક કોઈ Positive વિધાયક શોધ કે સાધના નથી કે આપણે પ્રેમ શીખી લઈએ.

એક મૂર્તિકાર પથ્થર તોડી રહ્યો હતો. એક વ્યક્તિ મૂર્તિ કેવી રીતે બને છે એ જોવા આવી. એણે જોયું કે છીણી અને હથોડાથી માત્ર પથ્થર તોડાઈ રહ્યો હતો...મૂર્તિ તો બનતી ન હતી. એણે મૂર્તિકારને પૂછ્યું – તમે શું કરો છો? મૂર્તિ નથી ઘડવી? હું તો મૂર્તિ બનતી જોવા ઈચ્છું છું, તમે તો માત્ર પથ્થર તોડો છો.

મૂર્તિકાર બોલ્યો, 'મૂર્તિ તો પથ્થરમાં છુપાયેલી છે. એને બનાવવાની જરૂર નથી. એની આસપાસ જે વ્યર્થ પથ્થર ચોંટ્યો છે. એને જ અલગ કરવાનો છે. મૂર્તિ તો સ્વતઃ પ્રગટ થઈ જશે. મૂર્તિ બનાવી નથી શકાતી, એ તો માત્ર આવિષ્કૃત થાય છે, અનાવૃત્ત થાય છે, પ્રગટ થાય છે.'

મનુષ્યની અંદર પ્રેમ છુપાયો છે, વાત માત્ર એને પ્રગટ કરવાની છે. પ્રેમ ઉત્પન્ન કરવાનો નથી, પ્રેમને અનાવૃત્ત કરવાનો છે. આપણી ઉપર એવું કંઈ આવરણ છે, કે જે પ્રેમને પ્રકટ થતાં રોકે છે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે :

પ્રિત પિયુની દોહેલી રે, પ્રેમે શું પડીયા સોલ રે,
કનક કસોટી જો આપ કરો, તો પામો અમૂલ્ય મૂલ રે.

કોઈ ચિકિત્સકને પૂછીએ કે સ્વાસ્થ્ય શું છે? તો દુનિયામાં કોઈ એવો ચિકિત્સક નહિ મળે જે ઉત્તર આપી શકે. કેવું આશ્ચર્ય! આખા ચિકિત્સાશાસ્ત્રનું મંડાણ સ્વાસ્થ્ય પર છે. આખું ય મેડિકલ સાયન્સ સ્વાસ્થ્ય પર ઊભું છે. અને છતાં સ્વાસ્થ્ય શું છે તે કોઈ કહી નથી શકતું. ચિકિત્સક રોગ વિષે કહી શકે : રોગના લક્ષણ શાં, એકેએક રોગની પરિભાષા શી, એ બધું જ કહી શકે. પરંતુ સ્વાસ્થ્ય શું એની એને ખબર નથી. હા, એટલું જરૂર કહી શકે કે રોગની અનુપસ્થિતિમાં જે હોય તેનું નામ સ્વાસ્થ્ય.

સ્વાસ્થ્ય મનુષ્યની અંદર રહેલું છે. એથી એ મનુષ્યની પરિભાષાની બહાર છે. રોગ બહારથી આવે છે, માટે રોગની પરિભાષા આપી શકાય છે. સ્વાસ્થ્ય અંદરથી આવતું હોવાથી એની કોઈ પરિભાષા ઘડી શકાતી નથી. એટલું માત્ર કહી શકાય કે રોગનો અભાવ એટલે સ્વાસ્થ્ય. પરંતુ એ કંઈ સ્વાસ્થ્યની પરિભાષા કહેવાય? રોગનો અભાવ કહેવાથી તો રોગ વિષે વાત થઈ, સ્વાસ્થ્ય વિશે નહિ.

સાચું તો એ છે કે સ્વાસ્થ્ય ઉત્પન્ન કરવાનું હોતું નથી. કાં તો તે રોગોથી ઢંકાઈ જાય છે ને કાં તો રોગ દૂર થતાં તે પ્રગટ થઈ રહે છે. સ્વાસ્થ્ય આપણામાં છે, સ્વાસ્થ્ય આપણો સ્વભાવ છે. પ્રેમ આપણામાં છે, પ્રેમ આપણો સ્વભાવ છે.

એટલે જ મનુષ્યને સમજાવીએ કે ભાઈ, તું પ્રેમ પેદા કર, એ વાત જ ખોટી છે. વિચારવાનું તો એ છે કે પ્રેમને પ્રગટ ન થવા દેતાં વિઘ્ન ક્યાં છે! આવરણ ક્યાં છે! અડચણ ક્યાં છે? વિઘ્ન નહિ હોય તો પ્રેમ પ્રગટ થવાનો જ. એને સમજાવવાની કે શીખવવાની કોઈ જરૂર નથી. માનવી પર જો ખોટી સંસ્કૃતિનાં, ખોટા સંસ્કારોનાં

આવરણો ન હોય તો પ્રત્યેક માનવી પ્રેમને ઉપલબ્ધ થવાનો જ. આ અનિવાર્યતા છે.

પ્રેમથી કોઈ બચી શકતું નથી. પ્રેમ સ્વભાવ છે. ગંગાહિમાલયથી વહી તે વહેવાની જ. એનામાં ચેતના છે. એની પાસે જળ છે. એ વહેશે અને સાગરને શોધી જ લેશે. સાગરનું સરનામું એ કોઈ પોલીસને કે કોઈ પુરોહિતને નહિ પૂછે. જોઈ છે કોઈએ ગંગાને પૂછતી કે સાગર ક્યાં છે ? એના પ્રાણોમાં સાગરની શોધ અને આ લોક નિહિત હશે તો તે પહાડ તોડશે, મેદાન તોડશે અને અંતે સાગરને આંબશે જ. સાગર ગમે તેટલો દૂર હોય, અપ્રગટ હોય, ભલે કોઈ માર્ગ ન હોય, માર્ગદર્શક ન હોય : એ સાગરને શોધી લેશે. પરંતુ એની આડે બંધ બાંધવામાં આવે તો ? પ્રકૃતિનાં વિઘ્નોને તો ગંગા વળોટી જશે, પરંતુ જો માનવરચિત એન્જિનિયરીંગની આડ ઊભી કરવામાં આવે તો સંભવ છે, ગંગાસાગર સુધી ન પણ પહોંચી આ ભેદ સમજી લેવો જરૂરી છે. પ્રકૃતિનું કોઈ વિઘ્ન અસલમાં વિઘ્ન નથી, માટે તો ગંગા સાગર સુધી પહોંચે છે, હિમાલયને ભેદીને પણ. પરંતુ માનવી વ્યવસ્થા કરે તો ગંગાને સાગર સુધી પહોંચતી અટકાવી શકે.

પ્રકૃતિમાં છે સહયોગ, એકતા, સંવાદિતા. પ્રકૃતિમાં જે આપત્ત્ દેખાય છે તે પણ કદાચ શક્તિને જાગૃત કરવાનું એક આહ્વાન છે. ત્યાં જે વિરોધ દેખાય છે તે પણ કદાચિત્ પ્રાણોની ભીતર જે છુપાયું છે તેને પ્રગટ કરવાનો સાદ છે. કદાચિત્ ત્યાં કોઈ વિઘ્ન નથી. બીજને આપણે જમીનમાં દાટીએ છીએ ત્યારે લાગે છે તો એવું કે માટીનો થર વિઘ્નરૂપ થઈ બીજ પર સવાર છે. પરંતુ એ બાધા છે નહિ. એ માટીનો થર જ નહિ હોય તો બીજ અંકુરિત નહિ થાય. ઉપરથી જોતાં લાગે છે કે જમીન બીજને દબાવી રહી છે. પરંતુ એ દબાવે છે એટલા માટે કે બીજ દબાઈને ગળી જાય, તૂટી જાય, અને અંકુર બની જાય. ખરેખર તો જમીન મિત્રકર્મ કરે છે, બીજને પ્રગટ થવામાં સહયોગ આપે છે.

પ્રકૃતિ તો છે એક સંવાદિતા, સંગીતપૂર્ણ લયબદ્ધતા, પરંતુ નિસર્ગ પર એન્જિનિયરીંગ કરીને માનવીએ પોતાની યાંત્રિક ધારણાઓ ઠોકી બેસાડવાની કોશિશ કરીને ગંગાને રોકી રાખી છે, ઠેરઠેર રૂંધી રાખી છે.

જો બીજ અંકુરિત થઈને છોડ નહિ બને તો આપણે બીજને દોષ નહિ દઈએ. કહીશું કે, જમીન બરાબર નહિ હોય, પાણી બરાબર મળ્યું નહિ હોય. પણ જો મનુષ્યના જીવનમાં પ્રેમરૂપી પુષ્પ ખીલે નહિ તો આપણે તેને જ જવાબદાર ગણીશું. કોઈ એમ નહિ કહે કે જમીન બરાબર નહોતી, પાણી બરાબર નહોતું મળ્યું કે સૂરજની રોશની મળી નહોતી તેથી તે મનુષ્યછોડ વિકસિત ન થયો, તેના પર ફૂલ ખીલ્યાં નહિ.

આ બધી પાયાની રુકાવટ માનવીએ ઊભી કરી છે. પ્રેમની ગંગા તો વહી શકે છે અને પરમાત્માના સાગરને મળી શકે છે. મનુષ્યનું સર્જન જ એ હેતુથી થયું છે

કે પ્રેમ વધે, અને તે પરમાત્મા સુધી પહોંચે તો આપણે કઈ મુશ્કેલી ઊભી કરી છે કે તેમ ન બને ?

કોલસો જોઈને કદાચ આપણને ખ્યાલ પણ ન આવે કે કોલસો જ રૂપાંતર પામીને હીરો બને છે. હીરા અને કોલસામાં મૂળભૂત રીતે કશો તફાવત નથી. જે તત્ત્વ હીરાનું છે તે જ તત્ત્વ કોલાસનું છે. હજારો વર્ષની પ્રક્રિયાને અંતે કોલસો હીરાનું રૂપ ધારણ કરે છે. કોલસાનું કોઈ મૂલ્ય નથી. ઘરમાંપણ એને તો કોઈની દૃષ્ટિ ન પડે એ રીતે રાખવામાં આવે છે. જ્યારે હીરાને તો સૌ કોઈની નજર પડે તે માટે છાતી પર લટકાવવામાં આવે છે.

કોલસો અને હીરો બન્ને તત્ત્વતઃ એક જ વસ્તુ છે. પરંતુ તે બે વચ્ચેનો એક આંતરસંબંધ છે. એક યાત્રા છે. કોલસો જ અંતે હીરો બને છે. પણ જો તમે કોલસાના દુશ્મન થઈ ગયા - કે જે બનવું સ્વાભાવિક છે, કારણ કે કોલસામાં કંઈ દેખાતું નથી - તો હીરો ઉત્પન્ન થવાની સંભાવના સમાપ્ત થઈ જશે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે :

અહંકારી રાવણ મારીયો, કૌરવ દુર્યોધન રે,
કંસ છેદ્યો શ્રી કૃષ્ણે, કોઈ ગર્વ ન ધરજો મન રે.

માનવીનો અહંકાર ! 'હું' ભાવ, અહંકાર, 'હું' છું. બૂરા લોકો તો કહે છે, 'હું' છું પણ સારા લોકો તો જોરશોરથી કહે છે કે 'હું' છું - 'મારે સ્વર્ગ જવું છે, મોક્ષ મેળવવો છે, મારે આ કરવું છે, મારે તે કરવું છે.' આ 'હું' તો ત્યાં ઊભો જ છે. અને માણસોનો અહમ્ જેટલો પ્રબળ, એટલું જ અન્ય સાથે સંયુક્ત થવાનું સામર્થ્ય ઓછું. કારણ કે અહમ્ એક દીવાલ છે, તે ઘોષણા કરે કે 'તું તું છો.' - 'હું હું છું.' બન્ને વચ્ચે અંતર છે. કેટલો પ્રેમ કરું તને, મારે ગળે વળગાડું તને, છતાં આપણે બે જુદા છીએ. ગમે તેટલા નજીક આવીએ, છતાંયે અંતર તો રહેવાનું જ. હું હું છું - તું તું છો. આથી નિકટતમ અનુભવથી પણ નજીક આવી શકાતું નથી. શરીર પાસે હોય પણ વ્યક્તિ તો દૂર જ રહે છે. જ્યાં સુધી મનમાં 'હું' ભાવ છે ત્યાં સુધી પરાયાપણાનો ભાવ પણ મોજુદ છે.

સાત્રેએ આ બાબતમાં એક અદ્ભુત વચન કહ્યું છે 'બીજી વ્યક્તિ નર્ક છે.' પણ સાત્રેએ એ નથી કહ્યું કે શા માટે બીજી વ્યક્તિ નર્ક છે. એ બીજો શા માટે ? એ બીજો 'બીજો' છે. કારણ કે હું 'હું' છું અને જ્યાં સુધી 'હું' છે ત્યાં સુધી જગતની દરેક વસ્તુ અન્ય છે, ભિન્ન છે. અને જ્યાં સુધી ભિન્નતા છે ત્યાં સુધી પ્રેમનો અનુભવ નથી.

પ્રેમ તો છે એકાત્મ અનુભવ.

બે વ્યક્તિ વચ્ચેની દિવાલ ખસી જાય અને બેયના પ્રાણ સંયુક્ત થઈ જાય એનું નામ પ્રેમ. જ્યારે આવો અનુભવ એક વ્યક્તિનો સમૂહ સાથે થાય ત્યારે એ

અનુભવને હું પરમાત્મા કહું છું. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે થાય. એ પ્રેમ. મારી અને અન્ય કોઈ વ્યક્તિ વચ્ચે આ અનુભવ થાય, અમારી વચ્ચેની દીવાલ ખસી જાય, અને આંતરિક સ્તરે એક થઈ જઈએ, એક સંગીત, એક ધારા, એક પ્રાણ – તો આ અનુભવ છે પ્રેમ. એ જ રીતે મારી અને સમસ્તની વચ્ચે જો એવો અનુભવ થાય, 'હું' વિલીન થઈ જાય, અને 'સમસ્ત' અને 'હું' એક થઈ જઈએ તો એ અનુભવ છે પરમાત્માનો.

પ્રેમ એ સીડી છે અને યાત્રાનો અંતિમ મુકામ છે પરમાત્મા. જ્યાં સુધી 'હું' છું ત્યાં સુધી 'બીજા' નું અસ્તિત્વ વિલીન થઈ જાય એ કેવી રીતે બને? 'અન્ય' નો જન્મ થયો છે મારા 'હું' પણાથી. જેટલી તીવ્રતાથી પુકારું 'હું' એટલી તીવ્રતાથી 'અન્ય' પેદા થાય છે. 'અન્ય' 'હું' નો પ્રતિધ્વનિ જ છે. અહંકાર દીવાલ બનીને ઉભો રહે છે દ્વારની આગળ.

અને 'હું' છે શું ? વિચાર કર્યો છે ક્યારેય ? તમારો હાથ, તમારો પગ, તમારુ મસ્તક, તમારૂં હૃદય – હું છે શું ? જો એક ક્ષણ શાંત થઈને અંદર શોધો કે શો છે 'હું' ? તો તમે ચકિત થઈ જશો, હું તમને મળશે નહિ. જેટલું ઉંડે શોધશો એમ એમ તમને થશે કે અંદર એક સ્તબ્ધતા છે, શૂન્ય છે, ત્યાં કોઈ 'હું' નથી, કોઈ અહમ્ નથી કે કોઈ અહંકાર નથી.

એક ભિક્ષુ નાગસેનને સમ્રાટ મિલિન્દે પોતાના દરબારમાં આવવાનું આમંત્રણ આપ્યું. તો જે રાજદૂત નાગસેનને નિમંત્રણ આપવા ગયો હતો તેને નાગસેને કહ્યું કે જરૂર આવીશ. પણ એક વાત કહી દઉ કે અહિં કોઈ ભિક્ષુ નાગસેન છે નહિ. નાગસેન એ એક નામ માત્ર છે, કામચલાઉ.

રાજદૂતે જઈને સમ્રાટને વાત કરી, 'અજબ છે આ માણસ. કહે છે આવીશ જરૂર પણ નાગસેન જેવું કોઈછે નહિ. એ એક કામચલાઉ નામ છે.'

સમ્રાટે કહ્યું, 'અજબ છે! પણ જયારે એણે કહ્યું છે, કે આવીશ, ત્યારે એ આવશે જરૂર.'

અને તે આવ્યો પણ ખરો –રથ પર બેસીને. સમ્રાટે દ્વાર પાસે સ્વાગત કરતાં કહ્યું કે 'ભિક્ષુ નાગસેન, અમે આપનું સ્વાગત કરીએ છીએ.'

તે હસવા લાગ્યો. તેણે કહ્યું, 'સ્વાગતનો સ્વીકાર કરું છું, પણ યાદ રાખો, ભિક્ષુ નાગસેન જેવું કઈ છે જ નહિ.'

સમ્રાટ કહે, 'આપ તો કોયડા જેવી વાત કરો છો. જો આપ છો નહિ, તો કોણ છે, કોણ આવ્યું છે અહીં, કોણ સ્વીકારે છે સ્વાગત, કોણ જવાબ આપે છે ?'

નાગસેન પાછળ ફર્યો , રથ બતાવીને કહ્યું 'સમ્રાટ મિલિન્દ, હું આ રથમાં બેસીને આવ્યો, ખરો ?' સમ્રાટે હા કહી. 'આ એ જ રથ છે.' તો ભિક્ષુ નાગસેને રથથી ઘોડાને જુદા કરીને પૂછ્યું, 'આ ઘોડા રથ છે ?'

સમ્રાટ કહે, 'ઘોડા રથ કેવી રીતે હોઈ શકે ?'

પછી તેણે ઘોડાને બાંધવાના દાંડા અલગ કર્યા, અને પૂછ્યું, 'આ રથ છે ?' 'આ દાંડા રથ કેવી રીતે હોઈ શકે ?' પછી ચાક જુદો કરીને પૂછ્યું 'આ રથ છે ?' સમ્રાટે કહ્યું, 'એ તો ચાક છે, એ રથ કેવી રીતે હોઈ શકે ?'

આમ એકએક ભાગ જુદા કરીને તે પૂછતો ગયો અને સમ્રાટ કહેતા ગયા કે 'ના. આ રથ નથી.'

છેવટે રહ્યું શૂન્ય. રથ ક્યાં ?

ભિક્ષુ નાગસેને પૂછ્યું, 'હવે રથ ક્યાં ? 'અને જેટલી ચીજો મેં કાઢી તેમાંથી કોઈ રથ નથી એમ તમે જ કહ્યું, તો રથ ક્યાં ?

સમ્રાટ આશ્ચર્યચકિત થઈ ગયો.

રથ રહ્યો નહિ, અને જે ભાગો જુદા કર્યા તે પણ રથ નહોતો.

ભિક્ષુ કહેવા લાગ્યો, 'સમજ્યા આપ ? રથ એક જોડ હતી. રથ એ અમુક ચીજોની સંયુક્ત રચના હતી. રથનું પોતાનું કોઈ અસ્તીત્વ નથી. તેનો કોઈ અહંકાર નથી, રથ એક જોડ છે.'

તમે તમારા 'હું'ને શોધશો તો જણાશે કે તે અનંત શક્તિઓનો એક સમૂહ માત્ર છે. 'હું' ક્યાંય નથી. એક એક અંગને વિભિન્ન કરીને વિચારતાં અંગો સમાપ્ત થઈ જાય છે અને શૂન્ય કેવળ રહી જાય છે. એ જ શૂન્યમાંથી પ્રેમનો જન્મ થાય છે. કારણકે તે શૂન્ય 'તમે' નથી. એ શૂન્ય તો પરમાત્મા છે.

એક ગામમાં એક માણસે માછલીની દુકાન માંડી હતી. એ ગામમાં એવી એ પહેલી દુકાન હતી. દુકાનદારે સરસ પાટિયું લગાવ્યું. 'તાજી માછલીઓ અંહીં વેચાય છે.' એક માણસે પૂછ્યું : 'માછલીઓ તો તાજી જ વેચાય. વાસી કંઈ વેચાય ? તાજી કહેવાનો શો અર્થ છે ?'

દુકાનદારે વાત ખરી લાગતાં એણે 'તાજી' શબ્દ પાટીયામાંથી કાઢી નાખ્યો. એ જ દિવસે એક વૃદ્ધા ત્યાં આવી. પાટિયું વાંચીને તે બોલી : 'અહિં' વેચાય છે ? શું બીજે પણ વેચો છો ખરા ?

દુકાનદારે 'અહીં' શબ્દ પણ નિરર્થક લાગ્યોને કાઢી નાખ્યો. હવે માત્ર 'માછલીઓ વેચાય છે.' ત્રીજે દિવસે એક માણસે વળી કહ્યું : માછલીઓ વેચાય છે ? શું મફત પણ આપો છો ખરા ? 'વેચાય છે ' શબ્દ પણ દુકાનદારે કાઢી નાખ્યો.

એક વૃદ્ધ આવ્યો ! 'માછલી ? એ તો આંધળાને ય ખબર પડે તેવી વાત છે. માછલીની વાસ દૂરથી આવે છે. આ પાટિયું શું જોઈને માર્યું ?' પાટિયામાંથી 'માછલી' પણ ચાલી ગઈ. રહી ગયું માત્ર પાટિયું. બીજા એક માણસે આવીને કહ્યું : 'પાટિયું શું લટકાવ્યું છે ? નકામી જગ્યા રોકે છે.' પાટિયું પણ ગયું. કશું ન રહ્યું.

જેમ જેમ નિષેધ થતો ગયો તેમ તેમ પ્રકાશ પ્રગટતો ગયો, એક પછી એક

શબ્દો ખસતા ગયા. પાછળ જે હતું તે શૂન્ય.

એ શૂન્યમાંથી પ્રેમનો જન્મ થાય છે. શૂન્ય જ મળી શકે છે, બીજું કંઈ નહી. બે શૂન્ય મળી શકે છે, બે વ્યક્તિ નહિ. બે વ્યક્તિ નથી મળી શકતી, બે શૂન્ય મળી શકે છે, કારણ કે વચ્ચે કોઈ બાધા નથી રહેતી. દરેક વસ્તુને દીવાલ હોય છે, શૂન્યને કોઈ દીવાલ હોતી નથી.

તો બીજી વાત એ સમરણમાં રાખવાની કે જ્યારે વ્યક્તિનું વિલોપન થાય છે, 'હું' ભાવ ચાલયોજાય છે ત્યારે પ્રેમ્ર પ્રગટે છે. જે છે તે સમસ્ત છે. 'હું' નથી એવો ભાવ થતાં જ દીવાલો તૂટે છે. ગંગા વહી નીકળી છે. ગંગા શૂન્યની જ પ્રતિક્ષા કરતી હતી. આપણે જ્યારે કૂવો ખોદીએ છીએ ત્યારે પાણી તો અંદર જ છે. પાણી લાવવાનું હોતુ નથી. માત્ર પાણી આડે પડેલા પથ્થરો ને -માટીને દૂર કરવાનાં હોય છે. આપણે કરી કરીને શું કરીએ છીએ? એક શૂન્ય ઉભું કરીએ છીએ. કૂવો ખોદવાનો અર્થ જ શૂન્ય સર્જવું, જેથી પાણીને પ્રગટ થવા માટે અવકાશ મળે. કૂવામાં પાણી તો ભર્યું જ છે. માટી-પથ્થર-દૂર કરો એટલે પાણી છલકાઈ ઉઠશે.

માનવીની અંદર પ્રેમ ભર્યો પડ્યો છે. એને પ્રગટવા જગા જોઈએ. અને જ્યાં સુધી આપણે 'હું' થી ભર્યા છીએ, 'હું' ની બૂમો પાડ્યા કરીએ ત્યાં સુધી પ્રેમ નહિ પ્રગટે. 'હું' છે, ત્યાં સુધી તમે માટી – પથ્થરથી ભરેલા કૂવા છો. તમારા કૂવામાં પ્રેમનાં ઝરણાં નહિ ફૂટે, ફૂટી શકે નહિ.

એક વાત સાંભળી છે, એક પુરાણા વૃક્ષની. એની શાખાઓ સમ્રાટની અદાથી આકાશમાં ફેલાઈ હતી. એને પુષ્પ બેસતાં તો દૂર દૂરથી એની સુગંધ લેવા પતંગિયાં આવતાં. એને ફળ આવતાં ને પંખીઓ ઉડાઉડ કરી મૂકતાં. એની ફેલાયેલી શાખાઓ, એની છાયા, એનું આ રૂપ આકાશમાં બહુ સુંદર ઉપસતું. એની છાયામાં રોજ એક બાળક રમવાઆંવતો.

આ મોટાં વૃક્ષને એ નાના બાળક સાથે પ્રેમ બંધાઈ ગયો. મોટાને જો મોટાઈનો ખ્યાલ ન રહે તો નાના સાથે પ્રેમ થઈ શકે છે. વૃક્ષને પોતાની મોટાઈનું ભાન ન હતું. એ ભાન તો માત્ર માનવીને જ હોય છે. અહંકાર હંમેશાં પોતાનાથી મોટા સાથે સંબંધ બાંધે છે. પ્રેમને મન કોઈ નાનુંમોટું નથી.

તો વૃક્ષને બાળક સાથે પ્રીત બંધાણી. પણ બાળક નાનો હતો, શાખાઓ ઉંચી હતી. બાળક ફળ તોડી શકે માટે વૃક્ષ પોતાની શાખાને નીચે ઝુકાવતું.

પ્રેમ સદા ઝૂકવા રાજી છે, અહંકાર નહિ. અહંકાર પાસે જશો તો તેના હાથે તમે અડી ન શકો માટે ઉંચા થશે. કારણ કે જેને આંબી શકાય તે માણસ નાનો, જેને આંબી ન શકાય તે દૂર, દિલ્હીના સિંહાસન પર મોટો માણસ.

જ્યારે બાળક રમવા આવે ત્યારે વૃક્ષની ડાળ તો ઝૂકી રહે છે, બાળક ફૂલ તોડે છે તો વૃક્ષ રાજી થાય છે. એના પ્રાણ આનંદથી ભરાઈ જાય છે. અહંકાર લઈને

ખુશ થાય છે. પ્રેમ આપીને.

પછી તો બાળક મોટો થવા લાગ્યો. કોઈ વાર તે છાયામાં સૂતો, કોઈ વાર ફળ ખાતો, કોઈ વાર ફૂલોનો તાજ પહેરીને જંગલનો સમ્રાટ થઈ રહેતો. જેના પર પ્રેમનાં પુષ્પો વરસે છે તે સમ્રાટ થઈ રહે છે. પણ જ્યાં અહંકાર વરસે છે ત્યાં અંધકાર થઈ જાય છે, એ માણસ દીનદરિદ્ર થઈ જાય છે. તે બાળક ફૂલોનો તાજ પહેરીને નાચતો, અને ખૂબ ખૂબ ખુશ થતો. તેના પ્રાણ આનંદથી ભરાઈ જતા. લ્હેરાતી હવામાં એ ગીત ગાતો.

બાળક વધારે મોટો થયો એટલે વૃક્ષ પર ચડવા લાગ્યો. શાખાઓ પર ઝૂલવા લાગ્યો. તે વૃક્ષની શાખાઓ પર વિશ્રામ કરતો. વૃક્ષ આનંદિત થતું પ્રેમને આનંદ ત્યારે થાય છે જ્યારે તે કોઈની છાયા બને છે; અહંકારને આનંદ ત્યારે થાય છે જ્યારે એ કોઈની છાયા છીનવે છે.

બાળક મોટો થયો એટલે દુનિયાનાં બીજાં કાર્યો પણ આવીને ઉભા રહ્યાં મહત્વાકાંક્ષાઓ પણ આવી. એને હવે પરીક્ષાઓ આપવાની હતી, મિત્રો બનાવવાના હતા, હવે વૃક્ષ પાસે કોઈ વાર આવે ને નયે આવે, પરંતુ વૃક્ષ તો કાયમ એની પ્રતિક્ષા કરતું, કે એ આવશે, જરૂર આવશે. તેનો પ્રાણ પુકારતો હતો કે આવ, આવ.

પ્રેમ નિરંતર પ્રતીક્ષા કરે છે કે કોઈ આવે. પ્રેમમાં પ્રતીક્ષા છે. પરંતુ એ ન આવે તો વૃક્ષ ઉદાસ થઈ જતું. જ્યારે પ્રેમ આપી શકતો નથી ત્યારે તે ઉદાસ થઈ જાય છે. વહેંચી દેવામાં, લૂંટાવી દેવામાં પ્રેમની ધન્યતા છે. પ્રેમ વહેંચાતો નથી ને વૃક્ષ ઉદાસ થાય છે. બાળક જેમ જેમ મોટો થતો ગયો તેમ તેનું આગમન ઘટતું ગયું.

માણસ મહત્વાકાંક્ષાના ગગનમાં જેટલો આગળ વધે છે, પ્રેમની નિકટ પહોંચવાની સુવિધા તેટલી જ ઘટતી જાય છે. પરંતુ એકવાર તે વૃક્ષની પાસેથી પસાર થયો. વૃક્ષે સાદ દીધો. 'સાંભળ ભાઈ, તું આવતો નથી ને હું રાહ જોયા કરું છું' છોકરાએ કહ્યું : 'તારી પાસે શું છે તે આવું ? મને રૂપિયાની જરૂર છે. તારી પાસે છે ?' હંમેશાં અહંકાર પૂછે છે કે તારી પાસે શું છે તે આવું ? અહંકાર માગે છે, કે કંઈ હોય, તો આવું. કંઈ હોય નહિ તો આવવાની જરૂરત નથી.

અહંકાર એટલે પ્રયોજન. પ્રેમ નિષ્પ્રયોજન છે. પ્રેમનું પ્રેમ સિવાય બીજું કોઈ પ્રયોજન નથી. વૃક્ષ તો ચોંકી ગયું, પણ બોલ્યું : 'હું તને બધું જ આપી શકું છું.' કારણ કે પ્રેમ કંઈ રોકવા ઈચ્છતો નથી. જે રોકે છે, તે પ્રેમ નથી. અહંકાર રોકે છે. પ્રેમ આપવામાં સમજે છે.

'પણ રૂપિયા મારી પાસે નથી. રૂપિયા તો માત્ર માનવીની સરજત છે. એ બલા હજી વૃક્ષને વળગી નથી. એટલે અમે આટલા આનંદમાં રહીએ છીએ, આટલાં ફૂલો ખીલે છે, ફળ પાકે છે, આ વિશાળ છાયા વિસ્તરે છે. અમે નાચીએ છીએ, ગીતો ગાઈએ છીએ. રૂપિયા નથી એટલે તો પંખીઓ આવીને કલરવ સંગીત કરે છે.

જ્યારે અમારી પાસે રૂપિયા આવશે ત્યારે અમે પણ માનવીની જેમ દીન-હીન થઈને મંદિરમાં બેઠાં બેઠાં શાંતિ કેમ મળે એ સાંભળતાં હઈશું ના, ભાઈ ! મારી પાસે રૂપિયા નથી.'

બાળક કહે, 'તો મારે બીજે જવું પડશે. મારે રૂપિયાની જરૂર છે.' અહંકારને રૂપિયા જોઈએ. કારણ કે રૂપિયામાં શક્તિ છે. વૃક્ષે બહુ વિચારીને કહ્યું 'તું મારાં ફળ તોડીને વેચ તો કદાચ તને રૂપિયામળે.' બાળકને ગળે આ વાત ઉતરી. એણે તમામ ફળ તોડી લીધાં, કાચાં ય તોડ્યાં, ડાળી પાંદડાં ય અકારણ તોડી નાખ્યાં...પણ વૃક્ષને તો આનંદ જ હતો. અહંકાર મેળવીને પણ આનંદિત થતો નથી. મેળવીને પણ દુઃખી જ રહે છે. બાળક આભાર માન્યા વિના ચાલ્યો ગયો. વૃક્ષને આભારની જરૂર પણ ન હતી. એના પ્રેમનો સ્વીકાર જ એને મન મોટો આભાર હતો. પણ ત્યાર બાદ બાળક ડોકાયો ય નહિ. એની પાસે હવે રૂપિયા હતા. રૂપિયામાંથી રૂપિયા પેદા કરવાના પ્રયત્નોમાં ડૂબ્યો હતો.

વર્ષો વીતી ગયાં. વૃક્ષ ઉદાસ હતુ. એના પ્રાણોમાં રસ વહે છે. પણ એનો પ્રેમી લેવા આવતો નથી. કોઈ માના સ્તનમાં દૂધ ભરાયું હોય ને એનો પુત્ર ખોવાઈ જાય ! અને એનો પ્રાણ તડપી ઉઠે છે. એ બેટાને શોધે છે. એ હળવી થવા માટે... નિર્ભાર થવા માટે ઝંખે છે. વૃક્ષનું પણ એવું જ થયું. એના અવાજમાં આવકારના ધ્વનિ ગુંજી રહ્યા. અને એ આવ્યો પણ ખરો. હવે તો તે પ્રૌઢ થઈ ગયો હતો. વૃક્ષે કહ્યું : 'આવ ભાઈ, મારા આલિંગનમાં આવ.'

પ્રૌઢ બોલ્યો : 'આ શી છોકરમત માંડી છે ?' અહંકાર પ્રેમને પાગલપણું સમજે છે. છોકરમત સમજે છે. વૃક્ષે એને પોતાની ડાળ ઉપર ઝુલવા કહ્યું. એણે કહ્યું : 'એ બધી નકામી વાતો છે. મારે મકાન બનાવવું છે. મકાન આપી શકીશ ?'

વૃક્ષ કહે : 'મકાન ? હું તો મકાન વિના જ રહું છું. મકાનમાં તો માણસ રહે છે. દુનિયામાં માણસ સિવાય કોઈ મકાનમાં રહેતું નથી. મકાનમાં રહેતા માણસની હાલત જોઈ છે ? એનાં મકાનો જેમ મોટા થતાં જાય છે તેમ તે નાનો થતો જાય છે. હું તો મકાન વગર રહું છું...હા, પણ મારી ડાળીઓ કાપી લે. એમાંથી કદાચ મકાન બને.'

પ્રૌઢે કુહાડીથી ડાળીઓ કાપી લીધી. વૃક્ષ હવે નગ્ન ઠૂંઠું બની રહ્યું. પણ વૃક્ષ તો આનંદવિભોર હતું. સર્વસ્વ લૂંટાવવામાં જ એનો આનંદ હતો. પ્રૌઢે હવે તો મકાન બનાવી પણ લીધું છે. પણ એ વૃક્ષ પાસે આવતો નથી. વૃક્ષના હૃદયમાં એક ચિત્કાર સળવળે છે, મળવાની એક ઝંખના વલવલે છે. પણ હવે તો એ સાદ પણ શી રીતે પાડે ? નથી શાખા નથી પાંદડા નથી હવા આવતી અને તે બોલી કે બોલાવી શકતું નથી. પણ તેના પ્રાણોમાં એક જ ગુંજ હતી કે આવ, આવ.

ઘણા દિવસ પછી તે ત્યાંથી પસાર થયો. હવે તો તે વૃદ્ધ થઈ ગયો હતો.

વૃક્ષે પૂછ્યું, 'તારા માટે હું શું કરી શકું ? તું તો, ભાઈ ઘણા દિવસે દેખાયો !' તે બોલ્યો : 'મારે ધન કમાવવા માટે દૂર દેશાવર જાવું છે. હોડી આપીશ ?' વૃક્ષે કહ્યું 'હજી મને કાપી લે. મારી પીઠમાંથી તારી નાવ બની જશે. મને ઘણો આનંદ થશે, તારી નાવ થઈને તને દૂરદેશ લઈ જવામાં. પણ ભાઈ, પાછો તરત વળજે. હું રાહ જોઈશ.' તેણે એ વૃક્ષ કાપી નાખ્યું અને વૃક્ષ એક નાનકડું ઠૂંઠું બની રહ્યું.

વૃક્ષે કહ્યા પ્રમાણે કરીને વૃદ્ધ તો ચાલ્યો ગયો. રહી ગયું માત્ર ઠૂંઠું, પ્રતીક્ષાનું. હવે એની પાસે કંઈ આપવાનું રહ્યું ન હતું. હવે કદાચ એ આવશે પણ નહિ. અહંકાર હંમેશાં કાંઈક લેવાઆવે છે. જ્યાં કોઈ લાભ ન હોય ત્યાં અહંકાર નહિ જાય.

એકવાર એ ઠૂંઠાનો હું મહેમાન થયો હતો. ઠૂંઠાએ મને કહ્યું : મારો મિત્ર નથી આવ્યો. મને ચિંતા થાય છે. નાવ ડૂબી તો નહિ હોય ને ? ક્યાંક એ રખડી પડ્યો ન હોય. ક્યાંક વિદેશમાં ખોવાઈ ગયો ન હોય. ક્યાંક ડૂબી ન ગયો હોય. કોઈ મને એના સમાચાર આપે ! હવે હું મરણની નજીક છું. એના કુશળ સમાચાર મળી જાય તો બસ. પછી કોઈ ચિંતા નથી. અને હવે તો મારી પાસે આપવાનું કશું નથી. એટલે બોલાવું તો ય એ મારી પાસે નહિ આવે. કારણ કે એ લેવાની ભાષા જ સમજે છે.

અહંકાર લેવાની જ ભાષા જાણે છે, પ્રેમ માત્રદેવાની. આથી વધારે હું કંઈ નહિ કહું. બીજું કહેવાનું પણ શું છે ? જીવન એક એવું વૃક્ષ થઈ જાય કે એની શાખાઓ અનંતમાં વિસ્તરે, સૌ એની છાયામાં હોય ને સૌના સુધી એની ભુજાઓ ફેલાઈ જાય તો ખબર પડે કે પ્રેમ શી ચીજ છે. પ્રેમ ન તો કોઈ શાસ્ત્ર છે, ન તો કોઈ પરિભાષા ! પ્રેમનો કોઈ સિદ્ધાંત નથી. પ્રેમ વિશે તમને શું કહેવું એની મૂંઝવણ હતી.

તમે સૌ મારી પાસે આવીને બેસી શકો છો. મારી આંખોમાં કદાચ પ્રેમ જોઈ શકો તો જોઈ શકો. આહ ! આલિંગન માટે ફેલાયેલા મારા બાહુઓમાં જો કોઈ જોઈ શકો તો કદાચ જોઈ પણ શકો. એ પ્રેમ છે એમ હું કહી શકું. પણ પ્રેમ શું છે ? જો મારી આખંમાં ન દેખાય, મારા બાહુઓમાં ન દેખાય, મારા મૌનમાં ન દેખાય તો મારા શબ્દોમાં તો એ જરા પણ નહિ દેખાય.

મારી વાતો શાંતિથી અને પ્રેમથી સાંભળી એથી ખૂબ અનુગ્રહીત છું અને અંતમાં, તમારી અંદર વિરાજમાન પરમાત્માને પ્રણામ કરું છું. મારાં પ્રણામ સ્વીકારશો.

અહમ્ શૂન્યતા :

એક સવારે, સૂરજ ઊગ્યા પહેલાં એક માછીમાર નદીકિનારે ગયો. તેના પગ સાથે કંઈક અફળાયું. એણે નીચે વળીને જોયું તો પથ્થર ભરેલી એક ઝોળી પડી હતી. એણે જાળને એક બાજુ મૂકી, અને સવારનો સૂરજ ઊગવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. તેને હતું કે સૂરજ ઊગ્યે નદીના પાણીમાં જાળ ફેંકીને માછલી પકડીશ. બાજુમાં પેલી ઝોળી પડી હતી. તેમાંથી પથ્થર કાઢીને શાંત નદીમાં ફેંકવા લાગ્યો. સવારની નિસ્તબ્ધતામાં પાણીમાં પથ્થર પડવાનો 'ટપાક' અવાજ આવતો અને તે પછી તે બીજો પથ્થર ફેંકતો.

ધીરે ધીરે સવારનો સૂરજ ઊગ્યો, અજવાળું પથરાયું. ત્યાં સુધીમાં તો તેણે ઝોળીમાંથી બધા જ પથ્થર ફેંકી દીધા હતા. એક છેલ્લો પથ્થર તેના હાથમાં હતો, તે તે ફેંકવા જતો હતો. સવારના અજવાળામાં તે પથ્થરને જોતાંવેંત તેનું હૃદય ધડકતું બંધ થઈ ગયું, એનો શ્વાસ થંભી ગયો. જેને પથ્થર માનીને તે ફેંકી દેતો હતો, તે તો હીરા હતા. હવે તો હાથમાં માત્ર એક હીરો હતો. ઝોળી તો ખાલી થઈ ગઈ હતી.

એ રોવા લાગ્યો અને કલ્પાંત કરવા લાગ્યો. અનંત જન્મો સુધી ચાલે એટલી સંપત્તિ તેને મળી હતી. પરંતુ અંધકારમાં અજાણતાં એણે તમામ સંપત્તિને પથ્થર માનીને ફેંકી દીધી હતી.

તોય માછીમાર તો ભાગ્યશાળી હતો. કારણ કે છેલ્લો પથ્થર ફેંકાય તે પહેલાં જ સૂરજ ઊગી ગયો હતો. અને એને સમજાયું હતું કે, એના હાથમાં પથ્થર નથી, હીરો છે. સમાન્યતઃ બધા માણસો આવા ભાગ્યશાળી હોતા નથી.

જિંદગી વિતી જાય છે, સૂરજ ઊગતો નથી, સવાર થતી નથી, પ્રકાશ પ્રગટ્યો નથી અને જીવનભરનાં રત્નોને પથ્થર માનીને આપણે ફેંકી ચૂક્યા હોઈએ છીએ.

જીવન શું છે એ સમજાય એ પહેલાં તો આપણે તો એને ખોઈ બેઠા હોઈએ છીએ. જીવનમાં શું છુપાયું છે ? શું રાઝ, શું રહસ્ય, કેવું સ્વર્ગ, કેવો આનંદ. કેવી મુક્તિ ! આ બધાનો અનુભવ થાય એ પહેલા તો જીવન આપણા હાથમાંથી છૂટી જાય છે.

જીવનની આ સંપત્તિ વિષે મારે તમને કહેવું છે. પણ જે લોકો જીવની સંપત્તિને પથ્થર માની બેઠા છે તે આંખ ખોલીને જોઈ શકશે કે જેને તેઓ પથ્થર સમજે છે તે હીરા -માણેક છે ! અને જે લોકોએ જીવનને પથ્થર માનીને ગુમાવી દીધું છે, તેમને કોઈ કહેવા જાય છે કે, 'પથ્થર માનીને તમે જે ફેંક્યું તે તો હીરામોતી હતાં' તો તેઓ નારાજ થઈ જશે, ક્રોધિત થઈ જશે. એટલામાટે નહિ કે જે વાત તમને કહેવામાં આવી તે ખોટી છે, પણ એ વાત તેમણે ગુમાવેલી સંપત્તિની તેમને યાદ

અપાવે છે માટે.

પરંતુ ભલે જીવનનો ખજાનો આમ વેડફાઈ ગયો હોય, પણ જો જીવનની એક ક્ષણ પણ બાકી રહી હોય, તો કંઈક બચાવી શકાશે, જાણી શકાશે, પ્રાપ્ત કરી શકાશે. જીવનની શોધમાં ક્યારેક એટલું મોડું હોતું નથી, કે માનવીને નિરાશ થવું પડે.

પણ આપણે તો અજ્ઞાનપણે માની જ લીધું છે કે જીવનમાં પથ્થર સિવાય કંઈ છે નહિ. જે લોકો એમ માનીને બેસી ગયા તેમણે શોધની પહેલાં જ હાર સ્વીકારી લીધી.

આ હાર, આ નિરાશા, આ માની લીધેલા પરાજયની બાબતમાં મારે સૌથી પહેલી ચેતવણી એ આપવાની છે કે જીવન એ કંઈ માટી પથ્થર નથી. એ ઘણું બધું છે. ધૂળ અને પથ્થરની વચ્ચે ઘણું ય છુપાયું છે. આંખો જો જોઈ શકે તો જીવનથી પરમાત્મા સુધી પહોંચવાની સીડી તૈયાર પડી છે.

જોતાં તો માત્ર હાડ, માંસ ને ચામડું જણાય, એવા આ શરીરમાં 'એ' છુપાયો છે, જેને એ હાડ, માંસ ને ચામડાં સાથે કશો સંબંધ નથી. આજ જન્મતા ને કાલ મરતા – નષ્ટ થતા આ સાધારણ શરીરમાં પણ કદી ન જન્મતા જે કદી ન મરતા અમૃતનો વાસ છે.

રૂપની અંદર અરૂપ છુપાયું છે, દશ્યની અંદર અદશ્યનો વાસ છે અને મૃત્યુના ધુમ્મસમાં અમૃત જ્યોતિ ઝળહળે છે. એવી જ્યોતિ કે જેનું મૃત્યુ છે નહિ.

આપણે તો ધુમાડો જોઈને પાછા ફરીએ છીએ, જ્યોતિની શોધ કરતા નથી અને થોડા લોકો જે એવી હિંમત કરે છે, તેઓ ધુમાડામાં જ ખોવાઈ જાય છે જ્યોતિ સુધી પહોંચતા નથી.

ધુમાડાની અંદર રહેલી જ્યોતિને કેવી રીતે જાણી શકાય, શરીરની અંદર રહેલા આત્માને કેવી રીતે જાણી શકાય, પ્રકૃતિમાં નિહિત પરમાત્માનાં દર્શન કેવી રીતે થાય ? એ સંબંધમાં ત્રણ ચરણોમાં મારે તમને વાત કહેવાની છે.

પહેલી વાત. જીવન સંબંધી આપણે એવો દષ્ટિકોણ કેળવ્યો છે, જીવન સંબંધી એવી ધારણાઓ ઘડી રાખી છે, કે એને જ કારણે આપણે જીવનનું સત્ય જાણી શકતા નથી, ઓળખી શકતા નથી. ઓળખ વિના, પરિચય વિના, જિજ્ઞાસા વિના આપણે જીવન વિષેની વિભાવના ઘડી કાઢી છે. એ વિભાવનાને આપણે નિશ્ચિત સ્વરૂપમાં ઢાળી દીધી છે.

હજારો વર્ષથી એક વાત આપણને મંત્રીની માફક પઢાવવામાં આવી છે કે જીવન એ સંસાર છે, જીવન દુઃખમય છે, જીવન વ્યર્થ છે, જીવન તજી દેવા લાયક છે. આ વાત સાંભળી સાંભળીને આપણા મનમાં પથ્થરની જેમ મજબૂત ઠસી ગઈ છે. આ વિભાવનાને કારણે જ જીવન અસાર લાગે છે, જીવન દુઃખમય લાગે છે. અને

આ જ કારણસર જીવનનો સકળ આનંદ, સકળ પ્રેમ બધું જ સૌંદર્ય આપણે ખોઈ બેઠા છીએ. મનુષ્ય કુરૂપ બની ગયો છે, દુઃખનો અડ્ડો બની ગયો છે.

અને જ્યારે આપણે માની જ લીધું કે જીવન વ્યર્થ છે, ત્યારે એને સાર્થક બનવાની ચેષ્ટા થાય નહિ એમાં આશ્ચર્ય શું ? જો આપણે એમ માની લઈએ કે જીવન એક કુરૂપતા છે, તો તેની અંદર સૌંદર્યની શોધ શી રીતે થાય ? અને જો આપણે માની લીધું કે જીવન તજી દેવા યોગ્ય છે, તો જ્યારે તેનો ત્યાગ જ કરવાનો છે, તો એની સજાવટ શી ? એને શોધવાની કે સંસ્કારવાની જરૂર પણ શી ?

સ્ટેશન પરના વિશ્રામાલય સાથે જેવો વ્યવહાર થાય, વેઈટીંગ રૂમની સાથે જેવો વ્યવહાર થાય, એવો વ્યવહાર આપણે જીવન સાથે કરીએ છીએ. વેઈટીંગ રૂમમાં ઘડીભર થોભવાનું, થોડી વારમાં તો તે છોડી જતાં રહેવાનું છે. તો એ રૂમનું પ્રયોજન શું, તેનો અર્થ શો ? ઘડીભર રોકાનાર ત્યાં મગફળીનાં ફોતરાં ફેંકે, પાનની પિચકારી મારે, રૂમને ગંદો કરે અને વિચારે કે મારે શી લેવાદેવા ? મારે ઘડીભર પછી તો ચાલતા થવાનું છે.

જીવન સાથે પણ આવો જ વ્યવહાર આપણે કરીએ છીએ. જ્યાંથી થોડી વારમાં ચાલ્યા જવાનું છે, ત્યાં સત્યની શોધ અને સૌંદર્યના નિર્માણની શી જરૂર ? પરંતુ મારે આપને કહેવું છે કે જિંદગી છોડીને જવાનું જરુર છે, પણ જે અસલી જિંદગી છે, તેને છોડવાનો કોઈ ઉપાય નથી. આપણે આ ઘર છોડી દઈશું, આ મુકામ છોડી દઈશું, પણ જિંદગી ? તે આપણી સાથે જ રહેશે. તેને બદલવાનો કોઈ ઉપાય નથી.

સવાલ એ નથી કે જ્યાં આપણે ઘડીભર થોભ્યા, તે જગ્યા સુંદર બનાવી, ત્યાં પ્રીતની હવા જન્માવી, આનંદનાં ગીત ગાયાં, સવાલ તો એ છે કે જેણે આનંદના ગીત ગાયાં એણે પોતાની અંદર આનંદની એવી જ વિશાળ સંભાવનાનાં દ્વાર ખોલી નાખ્યાં. જેણે એ મકાનને સુંદર બનાવ્યું તેણે મહાન સૌંદર્ય પ્રાપ્ત કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લીધી. જેણે વેઈટીંગ રૂમમાં બે ક્ષણો પ્રેમમાં વિતાવી, તેણે વ્યાપક પ્રેમ મેળવવાની યોગ્યતા મેળવી લીધી.

આપણે જે કંઈ કહીએ છીએ, તેનાથી જ આપણું નિર્માણ થાય છે. આપણું કહેલું જ ધીમે ધીમે આપણા પ્રાણ અને આત્માનું નિર્માણ કરનારું બની રહે છે. જીવનની સાથે આપણો વ્યવહાર કેવો છે, તેના ઉપર આપણા નિર્માણનો આધાર છે. આપણો આત્મા કઈ દિશામાં યાત્રા કરશે, કયા પંથે પ્રયાણ કરશે, કયા નૂતન વિશ્વનો આવિષ્કાર કરશે એનો આધાર જીવન સાથેના આપણા વ્યવહાર પર છે. જીવન સાથેનો આપણો વ્યવહાર જ આપણો નિર્માતા બને છે, એ જો સ્મરણમાં રહે તો કદાચ જીવને અસાર અને વ્યર્થ માનવાની દૃષ્ટિ આપણને ભ્રાંત લાગે, તો કદાચ જીવનને દુઃખપૂર્ણ માનવાની વાત ખોટી લાગે અને જીવનવિરોધી ગતિ અધાર્મિક

લાગે.

અત્યાર સુધી જીવન પછી જે છે તે જ મહત્ત્વનું છે, મૃત્યુ પહેલાં જે છે તેનું કશું મહત્ત્વ નથી. આજ સુધીના ધર્મમાં મૃત્યુની પૂજા છે, જીવનું સન્માન નથી. જીવનનાં ફૂલોનો આદર નથી, મૃત્યુનાં કરમાયેલાં વાસી ફૂલોની, કબરોની પ્રશંસા છે, શ્રધ્ધા છે. આજ સુધીનો ધર્મ ચિંતવે છે કે મૃત્યુ પછી શું ? સ્વર્ગ, મોક્ષ ! મૃત્યુ પહેલાં જે છે તેની સાથે આજ સુધીના ધર્મને જાણે કોઈ સંબંધ નથી.

મૃત્યુ પહેલાં જે છે તેને સંભાળવાને જો આપણે અસમર્થ છીએ તો મૃત્યુ પછી જે હોય તેને સંભાળવાનું સામર્થ્ય આપણામાં કદી ન હોઈ શકે. મૃત્યું પહેલાં જે છે તે જો વ્યર્થ સરકી જાય છે તો મૃત્યુ પછી સાર્થકતાની ત્રેવડ કે યોગ્યતા આપણે આપણામાં કદી ઉત્પન્ન નહિ કરી શકીએ. મૃત્યુની તૈયારી પણ એ જીવનની આસપાસ જે હાજર છે એના દ્વારા જ કરવાની છે. મૃત્યુ પછી જો કોઈ લોક હોય તો એ લોકમાં પણ આપણે જીવનમાં જે અનુભવ્યું છે, નિર્મ્યું છે એનાં જ દર્શન થશે. પરંતુ આજ સુધી તો જીવનને ભુલાવી દેવાની, જીવનનું વિસ્મરણ કરવાની જ વાતો થઈ છે.

જીવનની સાધના ન કોઈ પરમાત્મા છે, ન કોઈ હોઈ શકે. જીવનની સાધના જ ધર્મની સાધના છે અને જીવનમાં પરમ સત્યની અનુભૂતિ કરવી એ જ મોક્ષ પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથિયું છે. એ નિશ્ચિત છે કે જે જીવન ચૂકી જશે તે બીજું બધું ચૂકી જશે. અત્યાર સુધીનું વલણ જ વિપરીત રહ્યું છે, એ વલણમાં તો જીવનને છોડવાની, જીવનનો ત્યાગ કરવાની વાત છે. જીવન જીવવાની કળા શીખવવાની કે જીવનમાં જ શોધ કરવાની વાત એ વલણમાં નથી. જીવન જીવવાની રીત પણ એ નહિ દર્શાવે.

જીવન જો અંધકારમય લાગે તો જીવન જીવવાની રીત ખોટી છે.

જીવન જીવવાની સાચી રીત જો જડી જાય તો એ જ જીવન આનંદવર્ષણ પણ કરી શકે છે.

ધર્મને એ જીવન જીવવાની કળા કહું છું. ધર્મ એટલે જીવનનો ત્યાગ નહિ. ધર્મ એટલે જીવનના ગહનમાં ઊતરવાનું સોપાન. જીવનને પીઠ બતાવવામાં નહિ, જીવનને પૂરી રીતે આંખો ખોલીને જોઈ લેવામાં ધર્મ છે. જીવનથી ભાગી છૂટવામાં ધર્મ નથી. જીવનને પૂણતયા આલિંગવાનું બીજું નામ જ ધર્મ છે. જીવનનો સંપૂર્ણ સાક્ષાત્કાર એટલે ધર્મ. આ જ કારણથી આજ સુધી માત્ર વૃદ્ધો જ ધર્મોત્સુક રહ્યા છે. મંદિરોમાં, ચર્ચમાં, ગિરિજાઘરોમાં, ગુરુદ્વારાઓમાં માત્ર વૃદ્ધો જ દેખાય છે. ન તો યુવાનો ત્યાં દેખાય છે ન તો બાળકો. તેનું કારણ શું ? એનું એક જ કારણ છે. આજ સુધી આપણો ધર્મ માત્ર વૃદ્ધોનો ધર્મ રહ્યો છે. જેમનું મરણ નજીક છે, જેઓ મૃત્યુથી ભયભીત છે, જેઓ મૃત્યુપળની સ્થિતિના ચિંતનમાં છે અને મૃત્યુ પછી શું છે એ જાણવા ચાહે છે એ લોકોનો ધર્મ છે. મૃત્યુ પર આધારિત ધર્મ પૂર્ણ જીવનને કેવી રીતે પ્રભાવિત કરી શકે ? મૃત્યુનું ચિંતન કરનારો ધર્મ પૃથ્વીને ધાર્મિક શી રીતે બનાવે ?

એ નથી બનાવી શકયો.

મનુષ્યના સામાન્ય જીવનનું કેન્દ્રિય તત્ત્વ શું? પરમાત્મા? આત્મા? સત્ય?

ના. મનુષ્યના પ્રમાણમાં, સામાન્ય મનુષ્યના પ્રાણમાં જેણે કશી શોધ નથી કરી, જેણે કોઈ યાત્રા નથી કરી, જેણે કોઈ સાધના કરી નથી એના પ્રાણના ગહનમાં શું છે? પ્રાર્થના? પૂજા? ના. જરા પણ નહિ. જો આપણે સામાન્ય મનુષ્યની જીવન શક્તિને શોધશું તો ન તો ત્યાં પરમાત્મા દેખાશે ન તો પૂજા, ન પ્રાર્થના કે જ્ઞાન. ત્યાં તો કંઈક બીજું જ જણાશે અને એને જ ભૂલવાના પ્રયત્નો થયા છે, એને જાણવા સમજવાના નહિ.

અંદર શું દેખાય છે? મનુષ્યના પ્રાણોને તોડી ફોડીને શોધીએ તો શું દેખાય છે? મનુષ્યની વાત જવા દઈએ. જો મનુષ્યના જીવનમાં પણ શોધખોળ કરીએ તો ત્યાં પ્રાણોના ઊંડાણમાં શું મળશે? આપણે છોડની શોધ કરીએ તો શું મળે? છોડ શું કરે છે? એક વધુ બીજ ઉત્પન્ન કરવાના ભરચક પ્રયત્નો કરે છે. છોડની તમામ ચેતના નવું બીજ ઉત્પન્ન કરવાની જનની ચેષ્ટા કરે છે.

કોઈ પક્ષી શું કરે છે? કોઈ પશુ શું કરે છે?

સમગ્ર પ્રકૃતિમાં એક જ ક્રિયાથી ચેતના ઘેરાઈ રહી છે. એ ક્રિયા છે સતત સર્જનની ક્રિયા. એ છે Creation ની ક્રિયા. જીવનને પુનર્જીવિત કરવાની નવા રૂપોમાં જીવન દેવાની એ ક્રિયા છે. ફૂલ બીજની સંભાળ રાખે છે, ફળ બીજની સંભાળ રાખે છે. બીજ શું કરે છે? બીજ ફરી છોડ બની જાય છે, ફરી ફૂલ બની જાય છે, ફળ બની જાય છે.

આપણે સમગ્ર જીવનને જોઈએ તો સમજાશે કે જન્મવાની અનંત ક્રિયાનું નામ જ જીવન છે. જીવન એક ઓજસ છે. જે સ્વર્ગને ઉત્પન્ન કરવામાં સતત સંલગ્ન છે. આત્મસર્જન માટે એ સતત પ્રયત્નશીલ છે.

સમુદ્રના કિનારા સાથે હજારો લાખો વર્ષોથી સમુદ્રની લહેરો આવી આવીને અથડાય છે. લહેરો આવે છે, અથડાય છે, પાછી ફરે છે. વળી આવે છે, અથડાય છે, પાછી ફરે છે. જીવન પણ હજારો વર્ષોથી અનંત લહેરોમાં અથડાયા કરે છે. જીવન જરૂર ક્યાંક પહોંચવા ઈચ્છે છે, પરંતુ કિનારા સાથે અથડાઈને નષ્ટ થાય છે. વળી નવી લહેર આવે છે, અથડાય છે, નષ્ટ થઈ જાય છે. જીવનનો આ સાગર અગણ્ય વર્ષોથી આમ કરી રહ્યો છે, સંઘર્ષ ઝીલી રહ્યો છે, રોજ ચડે છે. રોજ પડે છે. એની પાછળનું પ્રયોજન શું? નક્કી એમની પાછળ કોઈ બૃહત્તર ઉંચાઈને આંબવાનું આયોજન પ્રવર્તે છે. એની પાછળ કોઈ વિશેષ ગહનતાને પિછાણવાનું પ્રયોજન નક્કી છે.

સમય શૂન્યતા :

મારા પ્રિય આત્મન્ :

એક નાનકડી વાર્તાથી વાત શરૂ કરું. ઘણાં વર્ષ પહેલાં કોઈ એક દેશમાં એક મહાન ચિત્રકાર થઈ ગયો. એ જુવાન હતો ત્યારે એને એવું ચિત્ર બનાવવાની ઈચ્છા થઈ કે જેમાં ઈશ્વરનો આનંદ છલકાતો હોય. અંત શાંતિથી ચમકતી આંખોનું અનંતમાંથી, જગતથી પરના લોકથી જે સંદેશ ઝીલતો હોય એવામનુષ્યનું ચિત્ર આલેખવાની ઈચ્છા થઈ. એવામનુષ્યની શોધમાં એ નગર નગર ફર્યો. વને વને ફરી વળ્યો. પર્વત પર ગાય ચરાવતો કોઈ ગોવાળ એને જડી આવ્યો. એની આંખોમાં ચમક હતી. એના ચહેરાની રેખાઓમાં કોઈ દૂર દેશની લિપિ હતી. જોઈને જ લાગતું હતું કે એની અંદર પરમાત્માનો વાસ છે. એણે એક ગોવાળનું ચિત્ર બનાવ્યું. ચિત્રની લાખો નકલ દૂર દૂરના દેશોમાં નગરે નગરે વેચાણી. લોકોએ એ ચિત્રને પોતાના ઘરમાં ટાંગીને ધન્યતા અનુભવી. વીસ વર્ષ પછી ચિત્રકાર જ્યારે વૃદ્ધ થયો ત્યારે એને એક વિચારઆવ્યો જીવનભરના અનુભવથી એને સમજાયું હતું કે મનુષ્યમાં માત્ર ઈશ્વર જ હોત તો ઠીક. મનુષ્યમાં તો સેતાન પણ જોવા મળે છે. જે મનુષ્યની અંદર સેતાન હોય તેનું ચિત્ર બનાવવાની એને ઈચ્છા થઈ, જેથી તેનાં બંને ચિત્રો દ્વારા મનુષ્યનું પૂરેપૂરું ચિત્ર ઉપસે. જે માણસ ન હોય પણ સેતાન હોય એવા કોઈ મનુષ્યની શોધમાં એણે શરાબગૃહો, પાગલખાનાં, દ્યૂતગૃહો તપાસ્યાં. જેની આંખમાં નર્કની જ્વાળાઓ ભભૂકતી હોય, જેની આકૃતિ અશુભની, કુરૂપતાની, અસુંદરની પ્રતિકૃતિ સમાન હોય એવા પાપની પ્રતિમા શા મનુષ્યને શોધવા એ નીકળ્યો. એક પ્રતિમા પુણ્યની તો એણે બનાવી હતી; હવે એક પાપની પણ બનાવવી હતી.

ઘણા પ્રયત્નને અંતે એને કારાગૃહમાં કોઈ કેદી મળી આવ્યો. એણે સાત ખૂન કર્યા હતાં અને થોડા દિવસમાં જ આવનારા મૃત્યુની એ પ્રતીક્ષામાં હતો. એને ફાંસીએ લટકાવવાનો હતો. એની આંખોમાં નર્કનાં દર્શન થતાં હતાં. જાણે સાક્ષાત ઘૃણા ! એનો ચહેરો જોતાં એના જેવો કુરૂપ મનુષ્ય જડવો મુશ્કેલ હતો. એણે આ કેદીનું ચિત્ર બનાવ્યું.

પછી બન્ને ચિત્રોને લઈને તે કારાગૃહમાં ગયો અને બંનેમાં શ્રેષ્ઠ કૃતિ કઈ એ જોવા લાગ્યો. શ્રેષ્ઠતાનો નિર્ણય કરવો કપરો હતો. ચિત્રકાર પોતે પણ મુગ્ધ થઈ ગયો હતો. બન્ને કૃતિઓ અદ્ભૂત બની હતી.

એટલામાં ચિત્રકારે પાછળ કોઈના રડવાનો અવાજ સાંભળ્યો. એણે પાછળ જોયું તો જંજીરોથી બદ્ધ પેલો કેદી રડી રહ્યો હતો. ચિત્રકારે આશ્ચર્ય પામીને પૂછ્યું : 'અરે દોસ્ત ! તું કેમ રડે છે ? ચિત્રો જોઈને તને વળી શું થયું ?' પેલાએ કહ્યું : 'મેં આટલા દિવસ સુધી છુપાવવાની કોશિશ કરી, પણ હવે આજ મારી હાર થઈ છે. તમને કદાચ ખબર નહિ હોય, આ બન્ને ચિત્રો મારાં જ છે. પહેલું ચિત્ર પણ તમે મારું જ બનાવ્યું હતું. વીસ વર્ષ પહેલાં પર્વત પર તમને મળનાર હું જ છું. મને રડવું

એટલા માટે આવે છે કે વીસ વર્ષમાં મેં કેવી યાત્રા કરી. સ્વર્ગમાંથી નરકની, પરમાત્મામાંથી પાપની.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં બે ચિત્ર હોય છે. પ્રત્યેક મનુષ્યમાં સેતાન હોય છે તેમ ઈશ્વર પણ હોય છે. પ્રત્યેક મનુષ્યની અંદર નર્કની સૌંદર્યનાં પુષ્પો પણ ખીલી શકે છે અને કુરૂપતાના ગંદા ખાબોચિયાં પણ ઊપસી આવે છે. પ્રત્યેક મનુષ્યના આ બે યાત્રાની વચ્ચે નિરંતર ડોલાયમાન હોય છે. આ બન્ને છેડા છે. માણસ ગમે તેને સ્પર્શી શકે છે. મોટા ભાગના માનવી નર્કના છેડાને સ્પર્શી લે છે. પોતાની અંદર રહેલા પરમાત્માને પામવામાં સફળ થઈ શકીએ ? જેમાં પરમાત્માની ઝલક હોય એવી પ્રતિમા આપણે બની શકીએ ? એ કેવી રીતે થઈ શકે ?

માનવીનું જીવન સ્વર્ગ બને. એક સુવાસ બને, એક સૌંદર્ય બને, માનવી પરમાત્માની પ્રતિમા બને : એ થાય શી રીતે ? જેને મૃત્યુ નથી તેને માનવી જાણી લે તે શી રીતે બને ? મનુષ્ય પરમાત્માના મંદિરમાં પ્રવેશી જાય એ બને જ કેમ ? થાય છે તો વિપરીત. શૈશવમાં આપણે સ્વર્ગમાં હોઈએ છીએ. અને વૃદ્ધત્વ આવતાં નર્ક સુધી પહોંચી જઈએ છીએ. શૈશવથી જ પ્રતિદિન આપણું પતન શરૂ થઈ જાય છે. શૈશવમાં તો નિર્દોષ સંસારમાં હોઈએ છીએ. પછી ધીમે ધીમે કપટ અને પાખંડથી ભરેલ માર્ગે વિચરતા હોઈએ છીએ.

એક વાર દ્વાર ઊઘડી ગયા પછી બીજું દ્વાર ખોલવું અઘરું છે. કારણ કે સમસ્ત શક્તિઓનો નિયમ એ છે કે એક વાર એ વહેવા માટે માર્ગ શોધી લે પછી એ જ માર્ગે વહેવાનું પસંદ કરશે. ગંગા સાગર તરફ વહી નીકળી. એક વાર એણે રસ્તો કરી લીધો પછી તો એ જ રસ્તે વહેતી જશે. રોજ નવું પાણી આવશે અને એ જ રસ્તેથી વહેતું ચાલ્યું જશે. ગંગા રોજ નવા માર્ગ નહી શોધે. જીવનશક્તિ પણ એક માર્ગ શોધી લે છે પછી એ જ માર્ગે વહી જાય છે. જીવનને જો કામમુક્તાથી મુક્ત કરવું હોય તો મુક્તાનો માર્ગ ખૂલે તે પહેલાં એક નવો માર્ગ, ધ્યાનનો માર્ગ શોધી લેવો જરૂરી છે.એકેએક નાના બાળકને ધ્યાનનું અનિવાર્ય શિક્ષણ મળવાં જોઈએ.ધ્યાનનું વિધેયાત્મક - કે તે કેવી રીતે ધ્યાનમાં ઊતરે.અને બાળકો સહેલાઈથી ધ્યાનમાં ઊતરી શકે. કારણ કે તેની ઊર્જાનું કોઈ દ્વાર ખૂલ્યું નથી. હજુ દ્વાર બંધ છે. હજુ ઊર્જા સુરક્ષિત છે. અત્યારે નવા દ્વાર પર કોઈ જગ્યાએ ધક્કો મારીને દ્વાર ખોલી શકાય છે. પછી તો એ વૃદ્ધ થઈ જશે અને ધ્યાનમાં ઊતરવું તેને માટે અત્યંત દુષ્કર થઈ જશે.

જેમ એક નવો છોડ ઊગે ત્યારે એની શાખાઓને જેમ નમાવવી હોય તેમ નમાવી શકાશે. પછી તે છોડ વૃક્ષ થાય છે - વૃદ્ધ થાય છે, ત્યારે તેની ડાળીઓ તૂટી જશે પણ નમશે નહિ.

ધ્યાનના તમામ પ્રયત્નો નાનાં બાળકો પર કરવા જોઈએ. પરંતુ મરણોન્મુખ

માણસ ધ્યાનોત્સુક થાય છે. એ ઉત્સુક બને છે કે ધ્યાન શું છે ? શાંત કેમ થવાય ? જીવનની તમામ શક્તિ જયારે ખલાસ થઈ જાય, જયારે ઝૂકવાનું કે બદલવાનું મુશ્કેલ થઈ જાય ત્યારે તે 'પોતે કેમ બદલાય' એની પૂછપરછ કરે છે.

એક પગ કબરમાં ને બીજો પગ બહાર રાખીને માણસ પૂછે છે, ધ્યાનનો કોઈ માર્ગ છે ? કેવી અજબ વાત છે ! તદ્દન ગાંડપણભરી વાતછે. ધ્યાનનો સંબંધ એક જ દિવસના જન્મેલ બાળક સાથે જ્યાં સુધી જોડાશે નહિ ત્યાં સુધી પૃથ્વી કદી શાંત નહિ થાય, ધ્યાનસ્થ નહિ થાય. અંતિમ દિવસ સુધી પહોંચેલા વૃદ્ધથી એ સંબંધ બાંધી નહિ શકાય. કદાચ બાંધી શકાય તો નિરર્થક અતિ શ્રમ વ્યય કરવો પડે છે. ઉત્તરાવસ્થામાં શાંત થવા માટે પૂર્વાવસ્થામાં એ એકદમ થવો શક્ય હતો.

શાંત થવાની, નિર્વિકાર થવાની, મૌન થવાની ધ્યાન - બાળકને આપવી એ કામના રૂપાંતરનું પ્રથમ ચરણ છે. બાળક આમ તો સ્વભાવથી જ મૌન છે, શાંત છે. જો એને થોડી ઘણી તાલીમ આપવામાં આવે, મૌન, શાંત રહેવાની થોડી જ કેળવણી આપવામાં આવે તો જયારે તેઓ ૧૪ વર્ષના થશે, ત્યારે એમનું એક દ્વાર ખૂલી ચૂક્યું હશે. શક્તિ એકઠી થશે અને દ્વાર ખુલ્લું થયું છે તે દ્વારથી વહેવી શરૂ થઈ જશે. એમને શાંતિનો, આનંદનો, કાલ હીનતાનો, નિરહંકાર ભાવનો અનુભવ વહેલો ઉપલબ્ધ થઈ જશે. એ અનુભવ એમની શક્તિને અવળા માર્ગે જતી અટકાવી યોગય માર્ગે વાળશે. પરંતુ આપણે નાનાં બાળકોને ધ્યાન નથી શીખવતાં;

બીજી વાત એ કે, એમને ધ્યાનની દિક્ષા મળવી જોઈએ. મૌન કેમ થવાય, શાંત કેમ થવાય, નિર્વિકાર કેમ થવાય એ શીખવવું જોઈએ. બાળક તો તત્ક્ષણ નિર્વિચાર થઈ શકે છે, મૌન થઈ શકે છે, શાંત થઈ શકે છે. ચોવીસ કલાકમાંથી એક કલાક ઘરમાં બાળકોને મૌનમાં લઈ જવાની વ્યવસ્થા હોવી ઘટે. એ ત્યારે ન બને જયારે તમે પણ મૌનમાં બેસો. પ્રત્યેક ઘરમાં એક કલાક મૌન હોવું અનિવાર્ય થવું જોઈએ. એક દિવસ ખાવાનું ન મળે તો ચાલે પરંતુ એક કલાક મૌન વિના ઘર ન ચાલી શકે. એ ઘર નથી, એ ઘરને પરિવાર કહેવો તે અસત્ય છે. એક કલાકનું આ મૌન ચૌદ વર્ષમાં તો એ દરવાજાને ખોલી નાખશે જે દરવાજાનું નામ ધ્યાન છે. જે ધ્યાન દ્વારા માણસને સમયહીનતાનો, અહંકારશૂન્યતાનો અનુભવ થાય છે, આત્માની ઝાંખી થાય

જેના જીવનમાં પ્રેમ જેટલો ઓછો એના જીવનમાં વિદ્વેષ એટલો જ વધારે હોવાનો. જીવનમાં પ્રેમ ઓછો ઈર્ષા વિશેષ, પ્રતિસ્પર્ધા વિશેષ. જીવનમાં પ્રેમ જેમ ઓછો તેમ ચિંતા ને દુઃખ વિશેઃષ.

દુઃખ, ચિંતા, ઈર્ષા, ઘૃણા, દ્વેષ, આદિથી માણસ જેમ વધારે ઘેરાયેલા રહે છે તેમ એની સમગ્ર શક્તિ વિકૃત થઈ જાય છે. એ શક્તિ તાણ અનુભવે છે, એની નિકાસ માટે કોઈ માર્ગ નથી રહેતો. પ્રેમ શક્તિઓની નિકાસ બને છે.

પ્રેમ એટલે જ વહેવું. પ્રેમ સર્જનાત્મક છે એથી એ વહે છે અને તૃપ્તિ લાવે છે. જેને એ તૃપ્તિ મળી જાય તે પછી કાંકરા, પથ્થરોમાં નહિ લોભાય. જેને હીરા-ઝવેરાત મળવા માંડે એ પત્થર શું કામ વીણે ! ધૃણાથી ભરેલા માનવીના ભાગ્યમાં એ તૃપ્તિ નથી, ધૃણાથી એ માનવી વસ્તુની તોડફોડ કરે છે. તોડફોડથી કોઈને ક્યાંય તૃપ્તિ મળી છે ? તૃપ્તિ તો મળે નિર્માણ દ્વારા.

દ્વેષભર્યો માનવી સંઘર્ષ કરે છે. સંઘર્ષમાં તૃપ્તિ કોઈને મળતી નથી.

તૃપ્તિ તો મળે છે દાનથી, દેવાથી; છીનવી લેવાથી નહિ.

સંઘર્ષ કરનાર છીનવી લે છે. તૃપ્તિ છીનવવાથી કદી મળતી નથી.

મહત્વાકાંક્ષી પુરુષ એક સ્થાનેથી બીજે સ્થાન યાત્રા કર્યા કરે છે પરંતુ તે છતાં શાંત થઈ શકતા નથી. જે ચરણોની યાતરા કરે છે તે નહિ, પ્રેમની યાત્રા કરે છે તે શાંત થાય છે. પ્રેમના એક તીર્થથી બીજે તીર્થ યાત્રા કરનારને શાંતિ મળે છે. માણસ જેટલો પ્રેમથી પૂર્ણ હોય છે એટલી તૃપ્તિ, એક ઊંડો સંતોષ, એક આનંદનો ભાવ, એક ઉપલબ્ધિનો ભાવ એના પ્રાણોમાં રગે રગે વહેવા લાગે છે. એના સમગ્ર શરીરમાંથી તૃપ્તિનો પ્રવાહ નિર્ઝરે છે, આનંદની ધારા છલકે છે. એને કોઈ પ્રયત્ન નથી કરવો પડતો એ શું કામ એ દિશામાં જાય ? તૃપ્તિ તો તેને પ્રેમથી ચોવીસે કલાક મળે છે. તો બીજી દિશા છે – વ્યક્તિત્વનો અધિકતમ વિકાસ પ્રેમના માર્ગે થવો જોઈએ.

આપણે પ્રેમ કરીએ, પ્રેમ આપીએ, પ્રેમમાં જીવીએ. આપણે મનુષ્યને પ્રેમ આપશું ત્યારે જ પ્રેમની દીક્ષા થશે એ જરૂરી નથી. પ્રેમની દીક્ષા તો છે સમગ્ર વ્યક્તિત્વને પ્રેમપૂર્ણ કરવાની દીક્ષા.

એક પથ્થરને આપણે મિત્રને ઉપાડતા હોઈએ તેમ ઉઠાવી શકીએ. અને એકમાનવીનો હાથ દુશ્મનનો હાથ પકડતા હોઈએ તેમ પકડી શકીએ. એક માણસ વસ્તુઓ સાથે પણ પ્રેમપૂર્ણ વ્યવહાર રાખે છે. ધૃણાથી ભરેલો માનવી માણસને વસ્તુ સમજે છે, જ્યારે પ્રેમથી ભરપૂર માણસ વસ્તુઓને પણ વ્યક્તિત્વ અર્પે છે.

એક ફકીરને મળવા કોઈ જર્મન યાત્રી ગયો હતો. યાત્રી કંઈક ગુસ્સામાં હશે એણે જોડા કાંઢીને જોરથી બારણા પર પટક્યા, જોરથી બારણાને ધક્કો માર્યો. ક્રોધમાં માણસ જોડા પણ જાણે એનો દુશ્મન હોય એ રીતે કાઢે છે ને બારણા સાથે કોઈ કજિયોહોય એ રીતે બારણું ઉઘાડે છે. બારણાને ધક્કો મારીને તે અંદર ગયો. અને ફકીરને નમસ્કાર કર્યા.

ફકીરે કહ્યું : 'ના. અત્યારે હું નમસ્કારનો ઉત્તર વાળી નહિ શકું. તમે પહેલાં જોડાની ને દરવાજાની માફી માગો.' એ માણસે કહ્યું : 'ગાંડા થયા છો કંઈ ? જોડાની ને બારણાની માફી ? એમને તો કંઈ વ્યક્તિત્વ છે ?'

ફકીરે કહ્યું : ક્રોધ કરતી વખતે એમને ' વ્યક્તિત્વ નથી એવો વિચાર તમને

નથી આવ્યો. તમે જોડા એવી રીતે કાઢ્યા જાણે જોડાનો કંઈ વાંક હોય, જોડામાં પ્રાણ હોય. બારણું એવી રીતે ખોલ્યું જાણે એ તમારું દુશ્મન હોય. ના ભાઈ, ક્રોધ કરતી વખતે જો તમે એમનું વ્યક્તિત્વ માની લીધું તો પહેલાં જાઓ, ક્ષમા માગી આવો. પછી હું તમારી સાથે વાત કરીશ, ત્યાં સુધી વાત કરવા હું રાજી નથી.

દૂર દૂરથી મળવા આવે ને આટલી વાત પર મુલાકાત ન થઈ શકે ? લાચાર થઈને તેને દરવાજા પાસે જઈને હાથ જોડીને ક્ષમા માગવી પડી. હાથ જોડીને કહેવું પડ્યું, 'ભાઈ, માફ કર. ભૂલ થઈ ગઈ. મેં તમારી સાથે ગુસ્સો કર્યો.' એ યાત્રીએ લખ્યું છે કે, 'જ્યારે હું ક્ષમા માગતો હતો ત્યારે પહેલાં તો મને હસવું આવ્યું કે આ કેવું ગાંડપણ ? પણ મેં જ્યારે ક્ષમા માગી ત્યારે ચકિત થઈ ગયો. મને એક એવી શાંતિનો અનુભવ થયો કે જેની મેં કલ્પના સરખી કરી નહોતી કે બારણાની અને જોડાની ક્ષમા માગવાથી શાંતિ મળી શકે. હું જઈને ફકીર પાસે બેઠો. એ હસવા લાગ્યો ને બોલ્યો : હવે કંઈક વાત કરી શકાય. તમે થોડો પ્રેમ પ્રગટ કર્યો, હવે તમારી સાથે સંબંધ બાંધી શકાય: કારણ કે તમે હવે પ્રફુલ્લ છો, આનંદમાં છો.'

સવાલ માનવી સાથે પ્રેમપૂર્ણ થવાનો નથી, પ્રેમપૂર્ણ થવાનો છે. સવાલ એ નથી કે માને પ્રેમ આપો. એ વાત જ અસત્ય છે. કોઈ મા જ્યારે બાળકને એમ કહે કે હું તારી મા છું. માટે મને પ્રેમ કર, તો એ મા ખોટું શિક્ષણ આપે છે. જે પ્રેમની સાથે 'માટે' શબ્દ જોડાયેલો છે તે પ્રેમ અસત્ય છે.

બાપ કહે છે, હું બાપ છું માટે પ્રેમ કરો. તો એ ખોટી સલાહ આપી રહ્યો છે. એ પ્રેમનું કારણ નિર્દેશી રહ્યો છે. પ્રેમ અકારણ હોય છે, કારણો સાથે પ્રેમ હોતો નથી. મા કહે કે, હું તારી મા છું, તને આટલા દિવસ પાળીપોષીને મોટો કર્યો છે માટે મને પ્રેમ કર, તો એ પ્રેમનું કારણ બતાવી રહી છે. પ્રેમ ત્યાં ખતમ થઈ ગયો છે. પ્રેમ હશે તો પણ બાળક ખોટો પ્રેમ બતાવવાની કોશિશ કરશે. કારણ કે એ મા છે માટે પ્રેમ બતાવવો પડે છે.

પ્રેમના શિક્ષણનો અર્થ પ્રેમનું કારણ નથી, પ્રેમના શિક્ષણનો અર્થ છે પ્રેમપૂર્ણ થવાની સુવિધા અને વ્યવસ્થા કે જેથી બાળક પ્રેમપૂર્ણ બની શકે.

મા હોવા બદલ પ્રેમ કરવાનું શીખવતી મા પ્રેમનું શિક્ષણ નથી આપતી. 'તારામાર્ગમાં જે કંઈ આવે - પથ્થર, ફૂલ, માનવી, જાનવર એનાથી પ્રેમપૂર્ણ થા, એ તારા માટે આનંદનો વિષય છે, તારા વ્યક્તિત્વ માટે, તારા ભવિષ્ય માટે એ આનંદ છે.' એમ કહેવું જોઈએ. 'સવાલ જાનવરને પ્રેમ આપવાનો, ફૂલને પ્રેમ આપવાનો કે માને પ્રેમ આપવાનો નથી, સવાલ તો છે તારે પ્રેમપૂર્ણ થવાનો. તું કેટલો પ્રેમપૂર્ણ છે તેના પર તારા ભવિષ્યનો આધાર છે. તારું વ્યક્તિત્વ જેટલું પ્રેમથી ભર્યું હશે તેટલી તારા જીવનમાં આનંદની સંભાવના વિશેષ.

મનુષ્ય માટે જરૂરી છે, પ્રેમપૂર્ણ થવાની દીક્ષા, તો કામુકતામાંથી મુક્તિ

મળી શકે. પ્રેમનું તો આપણે કોઈ શિક્ષણ જ ક્યાં આપીએ છીએ ? પ્રેમનો કોઈ ભાવ આપણે જન્માવતા નથી. આપણે તો પ્રેમના નામે જે જે વાતો કરીએ છીએ તે વાતો તેમને ખોટી શીખવીએ છીએ.

માનવી એકને માટે પ્રેમપૂર્ણ હોય તે બીજાને ધૃણાપૂર્ણ હોય એવું બની શકે? ના, એ અસંભવિત છે. પ્રેમપૂર્ણ મનુષ્ય જ હોય છે. એને માણસની સાથે લેવાદેવા નથી. એ એકલોહોયછે ત્યારે પણ પ્રેમપૂર્ણ હોય છે. પ્રેમપૂર્ણ હોવું એ એ સ્વભાવની વાત છે, તમારી સાથે સંબંધિત થવાની વાત નથી. ક્રોધી મનુષ્ય એકલો પણ ક્રોધપૂર્ણ હોય છે, ધૃણાથી ભરેલો મનુષ્ય એકાકી અવસ્થામાં પણ ધૃણાથી ભરેલો હોય છે. એ એકલો બેઠો હોય તો પણ તમે એને જોઈને કહી શકો કે આ માણસ ક્રોધી છે. ભલે પછી એ કોઈના પર ક્રોધ કરતો ન હોય, પરંતુ એનું સમગ્ર વ્યક્તિત્વ ક્રોધી છે.પ્રેમપૂર્ણ માનવી, જો એકલો પણ બેઠો હોય, તો તેમ કહી શકશો કે આમાનવી કેટલો પ્રેમથી ભરેલો છે.

એકાંતમાં ખીલતું ફૂલ જંગલમાં પણ સુગંધ વેરતું રહે છે. એની સુગંધ લેનાર કોઈ હોય, ન હોય, રસ્તામાંથી કોઈ નીકળે કે ન નીકળે, ફૂલ તો સુગંધિત થતું જ રહે છે. સુગંધિત થવું એ ફૂલનો સ્વભાવ છે. એ તમારા માટે સુગંધતિ થાય છે એવો ભ્રમ રખે સેવતા.

પ્રેમપૂર્ણ હોવું એ વ્યક્તિત્વ બની જવું જોઈએ. એ કોઈના માટે હોય કે ન હોય, એની જરૂર નથી, વ્યક્તિત્વ જ એવું હોવું જોઈએ. પરંતુ જેટલા લોકો પ્રેમ કરે છે તે સૌ એવું જ માને છે કે મારા માટે સૌ પ્રેમપૂર્ણ થાય, બીજા કોઈ માટે નહિ. એમને ખબર નથી કે જે સૌના માટે પ્રેમપૂર્ણ ન હોય તે કોઈ એક માટે પ્રેમપૂર્ણ થઈ શકતું નથી. પત્ની પતિને કહેશે કે મને પ્રેમ કરજો, બસ પછી બીજે ક્યાં આડુંઅવળું જોશો નહિ. બીજે ક્યાંય તમારા પ્રેમનો છાંટો ય ઉડવો ન જોઈએ. પ્રેમ તો આબાજુ જ. પ્રેમ કરો તો મને જ.

આ પત્નીને ખબર નથી કે એ પ્રેમ તો જૂઠો છે. એ કરનાર પત્ની પોતે જ છે. દરેક સ્થિતિમાં હર કોઈ માટે જે પતિ પ્રેમપૂર્ણ નથીતે પત્ની માટે પ્રેમપૂર્ણ કેવી રીતે હોઈ શકે ? પ્રેમપૂર્ણતા ચોવીસે કલાક જીવનનો સ્વભાવ છે. કોઈના માટે પ્રેમપૂર્ણ થવું ને કોઈના માટે નહિ, એવી વાત નથી. પરંતુ આજ સુધી મનુષ્ય આ વાત સમજી શકવા અસમર્થ રહ્યો છે. બાપ દીકરાને પોતાના તરફ પ્રેમપૂર્ણ થવાનું કહે છે પણ ઘરના નોકર તરફ એમ થવાનું શીખવે છે ? ના, એ તો નોકર છે. નોકર શું માણસ નથી હોતો ? આ બાપ પોતાના પગ પર કુહાડી મારે છે. એ બૂઢો નોકર પણ કોઈના તો બાપ છે ! અને પાછો ઘરડો છે. પરંતુ નહિ, એ નોકર છે. નોકર માટે પ્રેમનો પ્રશ્ન જ નથી. કાલે પોતે પણ વૃદ્ધ થશે ને દીકરો એના માટે પણ પ્રેમપૂર્ણ નહિ રહે એનો ખ્યાલ બાપને નથી. પછી એ કહેશે કે દીકરાને મારા પર પ્રેમ નથી. જો દીકરાને

આસપાસના સૌ માટે પ્રેમપૂર્ણ થવાની દીક્ષા આપી હોત તો એના માટે પણ દીકરો પ્રેમપૂર્ણ રહેત એ વાતની પિતાને તો ખબર જ નથી. એ તો સ્વભાવની વાત છે, કંઈ સંબંધોની વાત નથી. પ્રેમ એટલે relationship નહિ, પ્રેમ એટલે state of mind.

મનુષ્યના વ્યક્તિત્વનું એ આંતરિક અંગ છે. તો આપણને એકએક વસ્તુ માટે પ્રેમપૂર્ણ થવાની દીક્ષા મળવી જોઈએ. બાળક જો એક ચોપડીને પણખોટી રીતે મૂકે તો એને એ શીખવવું જોઈએ કે આ રીતે ચોપડી મૂકવી એ તારા વ્યક્તિત્વ માટે શોભાજનક વાત નથી. પુસ્તક સાથે તું આટલો દુર્વ્યવહાર કરે છે એવું જો કોઈ જાણે, સાંભળે તો શું કહે ? તમે કૂતરા સાથે પણ ખોટી રીતે વર્તો એ તમારા વ્યક્તિત્વની ખામી છે.

એક ફકીરની વાત મને યાદ આવે છે. એક ફકીરની નાનકડી ઝૂંપડી હતી. રાત હતી ને જોરથી વરસાદ પડતો હતો. રાતના બાર વાગ્યા હશે. ફકીરને તેની પત્ની સૂઈ ગયાં હતાં. કોઈ માણસે બારણે ટકોરા માર્યા. કદાચ કોઈ આશ્રય માગતું હતું. ફકીરે પોતાની પત્નીને કહ્યું : 'કોઈ અપરિચિત મિત્ર - કોઈ યાત્રી - બારણે આવ્યો છે. દ્વાર ખોલો.' એની વાત સમજો છો ? એણે કહ્યું, 'કોઈ અપરિચિત મિત્ર!'

આપણે માટે તો જે પરિચિત હોય છે તે પણ મિત્ર નથી હોતા. એણે કહ્યું કોઈ અપરિચિત મિત્ર ! આ પ્રેમનો ભાવ છે. પત્નીએ કહ્યું : 'પણ જગ્યા થોડી છે,આપણે બે માટે માંડ પૂરતી છે. કોઈ ત્રીજી વ્યક્તિ આવશે તો આપણે શું કરશું?'

ફકીરે કહ્યું : 'ગાંડી ! આ તો શું કોઈ અમીરનો મહેલ છે કે નાનો પડે ! આ તો એક ગરીબની ઝૂંપડી છે. અમીરનો મહેલ તો એક મહેમાન આવે તો ય નાનો બની જાય, પણ આ તો રંકની ઝૂંપડી !'

પત્નીએ કહ્યું : 'આમાં અમીર-ગરીબનો પ્રશ્ન ક્યાં છે ?' જગ્યા જ થોડી છે!' ફકીર બોલ્યો : 'જ્યાં દિલમાં વિશાળ જગ્યા હોય ત્યાં ઝૂંપડી મહેલ સમાન છે, જ્યાં દિલમાં સંકડાશ છે ત્યાં મહેલ ઝૂંપડી બની જાય છે. દ્વાર ખોલો. બારણે આવેલા મહેમાનને કંઈ પાછો કઢાય ? આપણે બે સૂતાં હતાં, ત્રણ સૂઈ નહિ શકીએ તો ત્રણેય બેસશું. બેસવા માટે તો પૂરતી જગ્યા છે.'

લાચાર થઈને પત્નીએ બારણું ઉઘાડવું પડ્યું. પાણીથી ભીંજાયેલો એક મિત્ર અંદર આવ્યો. એને બદલવા કપડાં આપ્યાં ને પછી ત્રણે જણ બેસીને વાતો કરવા લાગ્યાં. બારણું બંધ થયું ત્યાં પાછું બે આંગતુકોએ ખખડાવ્યું.

ફકીરે પેલો મિત્ર જે બારણા પાસે બેઠો હતો તેને બારણું ખોલવા કહ્યું : 'કોઈ આવ્યું લાગે છે. બારણું ખોલો.'

એ માણસે કહ્યું : 'બારણું ખોલું શી રીતે ? જગ્યા ક્યાં ?' એ માણસ હજી બે ઘડી પહેલાં જ આવ્યો હતો અને એ વાત ભૂલી ગયો હતો કે જે પ્રેમે એને જગ્યાઆપી

હતી, એ તો ઝૂંપડીમાં પ્રેમ હતો એટલે એને જગ્યા મળી હતી. વળી કોઈ બીજું આવ્યું છે. પ્રેમે વળી પાછી જગ્યા કરવી રહી. પરંતુ એ માણસે કહ્યું : 'બારણું ઉઘાડવાની જરૂર નથી. આપણે ત્રણ માંડ માંડ બેઠાં છીએ.'

ફકીર હસ્યો ને બોલ્યો : 'પાગલ લાગો છો ! મેં કંઈ તમારા માટે જગ્યા નથી કરી. પ્રેમ હતો માટે જગ્યા કરી હતી. પ્રેમ તો હજી યં છે. તમારા પર વરસીને સમાપ્ત નથી થઈ ગયો. બારણાં ખોલો. હજી આપણે બેઠાં છીએ. જરાક સંકડાઈને અડોઅડ બેસશું. અડોઅડ બેસવામાટે તો પૂરતી જગ્યા છે. રાત ઠંડી છે. અડોઅડ બેસવામાં ઓર આનંદ આવશે.'

બારણું ખોલવું પડ્યું. બે માણસો અંદર આવ્યા. પછી સૌ અડોઅડ બેસીને વાતોમાં પડ્યા. થોડી ક્ષણો વીતી. રાત તો સરકતી જતી હતી, વરસાદ પડતો હતો.

એટલામાં એક ગધેડાએ બારણા સાથે માથું અફળાવ્યું. બિચારો પાણીમાં ભીંજાઈ ગયો હતો. એ રાત માટે આશ્રય માગતો હતો. પાછળથી આવેલાને બારણા પાસે બેઠેલા બે માણસોને ફકીરે કહ્યું : 'બારણું ખોલો, વળી કોઈ અપરિચિત મિત્ર આવી પહોંચ્યો.'

એ લોકોએ કહ્યું : 'આ કોઈ મિત્ર નથી. આ તો ગધેડો છે. એના માટે બારણું ખોલવાની જરૂર નથી.' ફકીરે કહ્યું : 'તમને કદાચ ખબર નહિ હોય કે અમીરોના દરવાજે માણસની સાથે ગધેડા જેવો વ્યવહાર કરાય છે. પરંતુ આ તો ગરીબની ઝૂંપડી ! ગધેડાની સાથે પણ માણસ જેવો વહેવાર કરવાની અમને આદત પડી ગઈ છે. બારણું ખોલી નાખો.'

એ બંને કહેવા લાગ્યા, 'પણ જગ્યા ક્યાં ?' ફકીરે કહ્યું : 'જગ્યા તો ઘણી છે. આપણે અત્યારે બેઠાં છીએ, હવે ઊભાં થઈ જઈશું. ઊભા રહેવા માટે તો પૂરતી જગ્યા છે. અને તમે ગભરાશો નહિ. જરૂર પડશે તો હું હંમેશ બહાર રહેવા તૈયાર છું. પ્રેમ શું એટલું પણ નહિ કરી શકે ?'

એક પ્રેમપૂર્ણ હૃદય કેળવવાની જરૂર છે. હૃદય જ્યારે પ્રેમપૂર્ણ બને છે ત્યારે જ વ્યક્તિત્વમાં એક તૃપ્તિની ક્ષણો હોય છે. ત્યારે પ્રેમની કોઈ શર્ત હોતી નથી. રસ્તે ચાલતા કોઈ અજાણ્યા માણસને જોઈને સ્મિત વેરતાં જ તૃપ્તિની કોઈ અનુભૂતિ તમને થઈ છે ? એની સાથે જ શાંતિનો ભાવ નથી જન્મ્યો ? તમારા પ્રાણોમાં આનંદની લહેર દોડી ગઈ છે ? રસ્તા પર પડેલા કોઈ માણસને ઊભો કર્યો હોય, કોઈ પડતાને સંભાળી લીધો હોય, કોઈ બીમારને ફૂલ આપ્યું હોય એ તમારો કોઈ સંબંધ નથી. પરંતુ કોઈ બીમારને એક ફૂલ આપવું એ આનંપૂર્ણ છે.

વ્યક્તિત્વમાં પ્રેમની સંભાવના વધતી જવી જોઈએ. એટલી બધી વધવી જોઈએ કે, છોડ પ્રત્યે, પક્ષીઓ પ્રત્યે, પશુઓ પ્રત્યે, માનવી પ્રત્યે, અપરિચિતો માટે, અજાણ્યા લોકો માટે, વિદેશીઓ માટે, જે બહુ દૂર છે તેને માટે, ચંદ્રને તારા

માટે આપણો પ્રેમ નિત્ય વધતો જ રહે.

આપણો પ્રેમ જેમ વધતો રહે તેમ જીવનમાં કામની સંભાવના ઘટતી જાય. પ્રેમ અને ધ્યાન બંને મળીને ઈશ્વરનું દ્વાર ખોલી નાખે છે.
પ્રેમ + ધ્યાન = પરમાત્મા.

પ્રેમને ધ્યાનનો સંયોગ થાય તો પરમાત્મા ઉપલબ્ધ થાય છે અને આ ઉપલબ્ધિ જ બ્રહ્મચર્ય રૂપે ફળે છે. પછી તમામ શક્તિ એક નવે માર્ગે ચઢવા માંડે છે પછી તે બહાર વહી જતી નથી, વ્યર્થ નથી થતી. પછી તો જીવનની ભીતરના ઉર્ધ્વમાર્ગે ગતિ કરે છે. એની ઉર્ધ્વગમનયાત્રા શરૂ થઈ જાય છે. પ્રેમ અને ધ્યાન. નાના બાળકથી આ શિક્ષણ શરૂ થઈ જવું જોઈએ. એથી તમે રખે માનતા કે આપણે બાળક મટી ગયા છીએ માટે કંઈ કરવાનું નથી રહેતું. તમારી ઉંમર ગમે તે હોય આ કામ શરૂ કરી શકાય છે. આ કામ તો ગમે ત્યારે શરૂ કરી શકાય. જો કે ઉંમર વધવાની સાથે સાથે એ કામમાં મુશ્કેલી વધતી જાય છે ખરી ! બાળકોમાં જો આ થઈ શકે તો સદ્ભાગ્ય. આપણે આજે જ શરૂ કરી શકીએ.

જે શીખવા તૈયાર છે, તે તો વૃદ્ધ હોવા છતાં બાળક સમાન છે. જો એમનામાં શીખવાની ક્ષમતા હોય. આપણે બધું જાણી લીધું એવો ભાવ જો ઉત્પન્ન ન થયો હોય તો તેઓ જરૂર શીખી શકે છે, નાના બાળકની જેમ નૂતન પ્રારંભ કરી શકે છે. બુદ્ધની પાસે કેટલાંક વર્ષોથી દીક્ષા પામેલો એક ભિક્ષુ હતો. એક દિવસ બુદ્ધે એને પૂછ્યું : 'ભિક્ષુ તારી ઉંમર કેટલી ?' ભિક્ષુએ કહ્યું :'પાંચ વર્ષની'

બુધ્ધ કહેવા લાગ્યા : 'પાંચ વર્ષની ?' તું લાગે છે તો સિત્તેરેક વર્ષનો. કેવું જૂઠું બોલે છે ?

ત્યારે પેલા ભિક્ષુએ કહ્યું : 'પાંચ વર્ષ પહેલાં જ મારા જીવનમાં ધ્યાનનું કિરણ પ્રગટ્યું છે. પાંચ વર્ષથી જ મારા જીવનમાં પ્રેમની વર્ષા થઈ છે. એના પહેલાંનું મારું જીવન સ્વપ્નમાં જીવવા જેવું હતું. એ નિદ્રાનું જીવન હતું. એ વર્ષોની ગણના હું ઉંમરમાં કરતો નથી. કરું પણ કેવી રીતે ? જિન્દગી તો હજી પાંચ વર્ષથી જ શરૂ થઈ છે. માટે જ કહું છું કે, મારી ઉંમર પાંચ વર્ષની છે.'

બુદ્ધે પોતાના શિષ્યોને કહ્યું : 'ભિક્ષુઓ ! વાત ધ્યાનમાં રાખજો. તમે પણ તમારી ઉંમર આ રીતે ગણજો. ઉંમરને ગણવાની આ જ સાચી રીત છે. પ્રેમને ધ્યાનનો જન્મ ન થયો હોય તો ઉંમર પાણીમાં ગઈ. હજી તમારો તો બરાબર જન્મે ય નથી થયો. પ્રયાસ કરવા માટે પણ કદી વહેલુંમોડું તો કદી થતું જ નથી.'

મારી વાતનો સાર એવો ન કાઢશો કે, તમે તો હવે બચપણ વટાવી ચૂક્યા. આ વાત તો હવે માત્ર ભવિષ્યનાં બાળકો માટે જ છે. પાછો ફરી ન શકે એટલો દૂર કોઈ પણ માણસ ક્યારે ય ગયો હોતો નથી. માણસ ગમે તેવા અવળા માર્ગે ચાલતો હોય, યોગ્ય માર્ગ એને દેખાય જ નહિ એવી જગ્યાએ પહોંચી ગયો

હોતો નથી.

કોઈ માનવી હજારો વર્ષથી અંધકારમાં રહ્યો હોય તો એનો અર્થ એવો નહિ કે તે દીવોપ્રગટાવે તો અંધકાર કહે કે હું તો હજાર વર્ષ જૂનો છું, હટીશ નહિ. દીવો પ્રગટાવવાથી એક દિવસનો અંધકાર પણ દૂર થાય છે અને હજાર વર્ષ જૂનો અંધકાર પણ દૂર થાય છે. દીવો પ્રગટાવવાની ચેષ્ટા બચપણમાં આસાનીથી થાય છે, પાછળથી મુશ્કેલીપડે છે.

પણ મુશ્કેલનો અર્ણ અસંભવ નથી. મુશ્કેલનો અર્થ છે - થોડો વધુ શ્રમ. મુશ્કેલનો અર્થ છે - થોડો વધુ સંકલ્પ. મુશ્કેલનો અર્થ છે - થોડી વધારે લગન. વ્યક્તિત્વની બાંધેલી ધારણાઓ છે, તે વધુ સાતત્ત્વ (પ્રયત્ન) થી તોડવી પડશે, અને નવોમાર્ગ કંડારવો પડશે.

પરંતુ નવા માર્ગનું નાનકડું કિરણ પણ જો ફૂટી આવે છે તો તમામ પરિશ્રમ એવો લાગે છે કે જાણે કર્યું કંઈ નથી ને પ્રાપ્ત ઘણું કરી લીધું ! એ આનંદનું, એ સત્યનું, એ પ્રકાશનું નાનકડું પણ કિરણ પ્રગટતાં શ્રમ કર્યા વિના પ્રાપ્ત કરી લીધાનો અનુભવ થાય છે. એટલા માટે કે જે કંઈ કર્યું હતું તેનું કંઈ જ મૂલ્ય જ નહોતું. જ્યારે જે હાથ લાગ્યું છે તે તો અમૂલ્ય છે. એટલે એવો ભાવ મનમાં ન લાવો એવી મારી પ્રાર્થના છે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે :

આગે ચાર કલક, ત્રણ યુગ વહિ ગયા, આજ કલિયુગ છેલ્લી સંધ રે,
તેમાં ચેતી શકો તો ચેતજો, નહિતો પડશો ચોર્યાશીને બંધ રે

●●●

ॐ

અમારા અન્ય પ્રકાશનો

NANDNI - MAHEK